MANOGAT • Year-36 • Issue-21 • 10 February 2018 • Maha Vad 10, Samvat 2074 • Yugabd 5119 • Price : Rs. 5/- • Pages : 28

पंडित दीनदयाल उपाध्याय
1916 2016
जन्म शताब्दी वर्ष

બજેટ ૨૦૧૮

# मनोगत



## ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ સાથે ઇઝ ઓફ લિવિંગ

### ૧૦ કરોડ કુટુંબો માટે હેલ્થ ઇન્સ્યોરન્સ
### ૮ કરોડ ગેસ કનેક્શન, ૪ કરોડ વીજજોડાણો
### ૭૧ લાખ નવાં ઘર, ૭૦ લાખ રોજગારની નવી તકો

# પ્રજાસત્તાક પર્વની ઉજવણીની તસવીરો














Year - 36 • Issue - 21 • Pages-28


- અમે 'નેમ ચેન્જર' નહીં, 'એઈમ ચેઝર' છીએ ૪
- રાજ્યસભામાં શ્રી અમિતભાઈ શાહના પ્રથમ વક્તવ્યના મુખ્ય ૨૦ મુદ્દા ૫
- બજેટ ૨૦૧૮ ૭
- મુખ્યમંત્રીશ્રીનો યુવાલક્ષી સંવેદનશીલ નિર્ણય ૧૪
- નર્મદા ડેમનું પાણી ઉપલબ્ધ ૧૫
- લોકસભા-વિધાનસભાઓની ચૂંટણીઓ એકસાથે યોજવી જોઈએ - શ્રી નરેન્દ્રભાઈ મોદી ૧૬
- મન કી બાત ૧૮
- ભાજપની કેન્દ્ર સરકારની ઉપલબ્ધિઓ ૨૨
- ૩૩૦થી વધુ સાંસદ, ૧૩૯૭થી વધારે ધારાસભ્યો, ૧૯ રાજ્યોની સરકારો અને દેશના ૮૦ ટકા ભૂભાગ પર ભાજપ જનતાની સેવા કરી રહ્યો છે - શ્રી અમિતભાઈ શાહ ૨૪
- આપણું નગર, સ્વચ્છ નગર, સુંદર નગર ૨૬



પત્રવ્યવહાર કાર્યાલય

**મનોગત પાક્ષિક**

**ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ**

દીનદયાળ ભવન, જે.પી. ચોક,

ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧

**ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨**

E-mail : manogat.1980@gmail.com



**તંત્રી મુદ્રક પ્રકાશક :**

**સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલે ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી એલાઈડ ઑફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ., ૧૪/૨, કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૩૮૦૦૨૧ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ થી પ્રગટ કર્યું.**

**Editor : Printer : Publisher :**

Surendrabhai Motilal Patel on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at Allied Offset Printers (Gujarat) Pvt. Ltd., 14/2, Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J.P.Chowk, Khanpur, Ahmedabad-380001.




## તંત્રીસ્થાનેથી

# અયોધ્યામાં રામમંદિર

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

અયોધ્યા સ્થિત - કરોડો હિન્દુઓના આસ્થાકેન્દ્ર સમા રામમંદિર માટેનો સુપ્રીમ કોર્ટનો ચુકાદો થોડા સમયમાં આવનારો છે. આ ચુકાદાને સ્પર્શતી બે બાબતોની ચર્ચા કરવાની મારી ઇચ્છા છે.

(૧) આપણી એ મૂળ માનસિકતા હવે પરિવર્તન માંગે છે કે કાયદા થકી પ્રજા અને તેના અધિકારો છે. સાચું એ છે કે પ્રજા અને તેના અધિકારોના સંરક્ષણ માટે કાયદો છે. જેમ પ્રજાની ઇચ્છાને 'શાસન' દ્વારા 'સર્વોપરી' માનવામાં આવે છે તેમ બહુમતીની શ્રદ્ધાને પણ કાયદા દ્વારા સંરક્ષણ મળવું જોઈએ. અન્યથા પ્રજાની શ્રદ્ધા સાર્વભૌમત્વ સંદર્ભે પણ શંકાશીલ બને - જે લોકશાહી માટે ખતરારૂપ છે.

(૨) હમણાં જાણવા મળ્યું કે, સુપ્રીમ કોર્ટ રામમંદિરને માત્ર 'જમીનના માલિકીપણા'ના કેસ તરીકે ટ્રીટ કરી રહી છે. મારી દૃષ્ટિએ જો આ બાબત માત્ર જમીનની જ હોય તો તો આ વિવાદને પૂર્ણ કરવો વધારે સરળ છે. જે કોઈની પણ માલિકી સુપ્રીમ કોર્ટ નક્કી કરશે તેને સંપાદન પેટે ચૂકવવાના ફંડ તરીકે રામજન્મભૂમિ ટ્રસ્ટે નિશ્ચિત રકમ કોર્ટમાં જમીન સંપાદનની ફી તરીકે જમા કરાવી દેવી જોઈએ. અર્થાત્ કહેવાતી વિવાદિત જમીન બહુમતી સમાજનું શ્રદ્ધાકેન્દ્ર બનાવવાના જાહેર હેતુ માટે અને ટ્રસ્ટને આપવા સરકારે જ કાયદાના માધ્યમથી આ અને આજુબાજુની તમામ જમીનો સંપાદિત કરી લેવી જોઈએ. આ તમામ જમીનોનો ડેવલપમેન્ટ પ્રોજેક્ટ તૈયાર કરી રામલલાના મંદિરનું ભવ્ય નિર્માણ હાથ ધરવું જોઈએ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

## અમે 'નેમ ચેન્જર' નહીં, 'એઈમ ચેઝર' છીએ



# કોંગ્રેસમુક્ત ભારતનું સ્વપ્ન મારું નહીં પરંતુ મહાત્મા ગાંધીનું છે. મહાત્માએ જ કહ્યું હતું કે આઝાદી મળી ગઈ છે તેથી હવે કોંગ્રેસની જરૂર નથી - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકસભામાં રાષ્ટ્રપતિનાં ભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવનો જવાબ આપતાં કોંગ્રેસની આઝાદ ભારતની પહેલી પેઢીથી આજની પેઢી પર આકરા પ્રહારો કર્યા હતા. વડાપ્રધાને કોંગ્રેસ અને નહેરુ-ગાંધી પરિવારને આડે હાથ લેતાં પ્રહાર કર્યા હતા.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે અમે 'નેમ ચેન્જર નહીં' 'એઈમ ચેઝર' છીએ. કોંગ્રેસ દેશમાં જ નહીં વિદેશોમાં પણ દેશને બદનામ કરે છે. તમારા નેતા ડોકલામમાં ચીની સેના સામે ઊભી છે ત્યારે ચીની અધિકારીઓને મળવા જાય છે. સેના દ્વારા થતી સર્જિકલ સ્ટ્રાઈક પર સવાલો ઉઠાવે છે. ૭૦ વર્ષમાં એક પણ દિવસ એવો નથી ગયો કે કોંગ્રેસે વાવેલાં વિભાજનનાં ઝેરનાં ફળ ૧૨૫ કરોડ દેશવાસીઓએ ન ભોગવ્યાં હોય.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યસભામાં પણ કોંગ્રેસ અને તેની નીતિઓ પર આકરા પ્રહાર કરી સરકાર દ્વારા અપનાવાયેલી નીતિઓની પ્રશંસા કરી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોંગ્રેસને વિવિધ મુદ્દાઓ પર ઘેરી હતી. તેમણે કોંગ્રેસનાં કૌભાંડો ગણાવતાં ટ્રિપલ તલાક જેવા સંવેદનશીલ મુદ્દાઓ પર કોંગ્રેસને વેધક સવાલ પણ કર્યા હતા. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે જો લગ્ન બંધ કરવામાં હિંદુને સજા થતી હોય તો મુસ્લિમને કેમ નહીં.

સંસદનાં બંને ગૃહોમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોંગ્રેસ પર સીધા પ્રહાર કરતાં તેમનાં વક્તવ્યમાં ૭૦ વર્ષની વિરુદ્ધ પાંચ વર્ષનું શાસન, જૂનું ભારત અને ન્યૂ ઈન્ડિયા ગાંધી પરિવારના ડાયનાસ્ટી શાસન સહિતના મુદ્દા કેન્દ્રસ્થાને રહ્યા હતા. તેમણે જણાવ્યું કે

- **રાષ્ટ્રપતિ કોઈ પક્ષના હોતા નથી, તેમના ભાષણનો વિરોધ કરવો કેટલો ઉચિત ?**
- **કોંગ્રેસે ભારત માતાના ટુકડા કરી દીધા છતાં દેશ તેની પડખે રહ્યો, મજબૂત વિપક્ષનું અસ્તિત્વ નહોતું છતાં કોંગ્રેસે દેશના વિકાસના સ્થાને એક જ પરિવારના ગુણગાનમાં ૫૦ વર્ષ વીતાવી દીધાં.**
- **કોંગ્રેસ માને છે કે દેશ ૧૯૪૭માં આઝાદ થયો પરંતુ ગૌતમ બુદ્ધ હતા ત્યારે પણ દેશમાં લોકશાહી ગૂંજતી હતી, કોંગ્રેસ અને નહેરુએ દેશને લોકતંત્રની ભેટ આપી નથી, લોકતંત્ર અમારા લોહીમાં વહે છે.**
- **કોંગ્રેસ અમને લોકશાહીના પાઠ ન ભણાવે. રાજીવ ગાંધીએ એક દલિત સીએમનું અપમાન કરતાં એનટી રામારાવ રાજનીતિમાં આવ્યા હતા. આત્માનો અવાજ પોકારે છે ત્યારે કોંગ્રેસનું લોકતંત્ર ડોલી જાય છે. તમારા નેતા કેબિનેટના નિર્ણય મીડિયા સામે ફાડી નાખે છે.**
- **કોંગ્રેસ કમિટીમાં ચૂંટણી થઈ ત્યારે ૧૨માંથી ૯ સભ્યોએ સરદાર પટેલને વડાપ્રધાન તરીકે પસંદ કર્યા હતા. જો સરદાર પટેલ વડાપ્રધાન બન્યા હોત તો આજે પાકિસ્તાન ઓક્યુપાઈડ કાશ્મીર પણ આપણું હોત.**
- **દેશને જેમણે લૂંટ્યો છે તેમને જેલની હવા ખાવી જ પડશે.**
- **૫૦ વર્ષ સુધી સત્તામાં રહેવા છતાં કોંગ્રેસ જનતા સાથેનો સંપર્ક ગુમાવી ચૂકી હતી.**
- **કોંગ્રેસને મહાત્મા ગાંધીનો નહીં, ગાંધી પરિવારનો કટોકટી, બોફોર્સ, ચોપર કૌભાંડોથી ખદબદતો ભારત દેશ જોઈએ છે.**
- **કોંગ્રેસ અમને નામ બદલનારા કહે છે પરંતુ અમે તો લક્ષ્યાંકનો પીછો કરનારા, નેમ ચેન્જર નહીં - એઈમ ચેઝર છીએ.**
- **કોંગ્રેસમુક્ત ભારતનું સ્વપ્ન મારું નહીં પરંતુ મહાત્મા ગાંધીનું છે. મહાત્માએ જ કહ્યું હતું કે આઝાદી મળી ગઈ છે તેથી હવે કોંગ્રેસની જરૂર નથી.**
- **કોંગ્રેસ દાવો કરે છે કે આધાર કાર્ડની યોજના તે લાવી છે પરંતુ હકીકત એ છે કે આધાર યોજના અટલ બિહારી વાજપેયીનું બ્રેઈન ચાઈલ્ડ છે.**
- **ગુજરાતની ચૂંટણીઓ પૂરી થતાં જ કોંગ્રેસનાં પોસ્ટરોમાંથી સરદાર વલ્લભભાઈ પટેલ ગાયબ થઈ ગયા.**
- **લોકસભા અને રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે યોજાવી જોઈએ. વારંવાર ચૂંટણીનો બોજો દેશને પોસાય નહીં.**

●





**રાજ્યસભામાં શ્રી અમિતભાઈ શાહના પ્રથમ વક્તવ્યના મુખ્ય ૨૦ મુદ્દા**

**ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરના લીધે દર વર્ષે સરકારના ૫૭,૦૦૦ કરોડ રૂપિયા બચ્યા**

# ૨૬ જાન્યુઆરીએ દસેદસ એશિયાઈ દેશોના રાષ્ટ્રાધ્યક્ષોનું સમારોહમાં ઉપસ્થિત રહેવું એ એક મોટી ઉપલબ્ધિ છે - શ્રી અમિતભાઈ શાહ

ભાજપા અધ્યક્ષે રાજ્યસભામાં સાંસદ તરીકે પહેલું વક્તવ્ય આપ્યું. લગભગ સવા કલાક સુધી આપેલા વક્તવ્યમાં તેમણે કેન્દ્ર સરકારે કરેલાં કામ વિષે વિસ્તૃત બયાન કર્યું અને વિપક્ષ કોંગ્રેસ પક્ષને આડે હાથ લેવાનું પણ તેઓ ચૂક્યા નહીં.

(૧) આઝાદી પછી પહેલી વખત બિનકોંગ્રેસી પક્ષને જનતાએ સંપૂર્ણ બહુમતી આપી અને એ શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીવાળી ભાજપા સરકાર છે. પૂર્ણ બહુમતી મળવા છતાં પણ અમે અમારા એનડીએના સદસ્યો સાથે મળીને સરકાર બનાવી.

(૨) સરકારે જ્યારે કામકાજનો આરંભ કર્યો ત્યારે સરકાર પાસે વિરાસતમાં શું હતું ? સરકારી કોષમાં જે ખાડો હતો તેને ભરવામાં જ સરકારનો સારો એવો સમય વ્યતીત થઈ ગયો. આ ખાડો ભર્યા પછીના સરકારને કામને એક વિશેષ દૃષ્ટિથી મૂલવવો જોઈએ.

(૩) હમણાં હું ચિદમ્બરમ્ સાહેબની ટ્વિટ વાંચી રહ્યો હતો કે ‘મુદ્રા બેંકની સાથે કોઈએ પકોડીનો ખૂમચો ખડકી દીધો, આને રોજગારી કહેવાય ?’ હા, હું માનું છું કે બેરોજગાર રહેવા કરતાં તો એ બહેતર છે કે કોઈ યુવાન મહેનત-મજૂરી કરીને પકોડી બનાવે, વેચે. તેની તુલના આપ ભિક્ષુક સાથે કરશો ? પકોડી બનાવવી એ કોઈ શરમની વાત નથી. તેની તુલના ભિક્ષુક સાથે કરવી તે શરમની વાત છે. તેની બીજી પેઢી વિકાસ કરશે તો ઉદ્યોગપતિ બનશે. એક ચ્હાવાળાનો દીકરો આજે પ્રધાનમંત્રી બનીને સદનમાં બિરાજે છે.

(૪) સમસ્ત દુનિયામાં જેટલાં પણ લોકતંત્ર છે તે બધાંની યોજનાઓ કોઈ આંખો ખોલીને નિહાળી લે. ૫૦ કરોડ લોકોને ૫ લાખની વીમા સુરક્ષા આપવી, કોઈ પણ સરકારમાં આ તાકાત નથી. એટલા માટે ‘આયુષ્યમાન ભારત’ યોજનાને લોકો હવે ‘નમો હેલ્થ કેર’ નામથી ઉલ્લેખ કરશે.

(૫) ભાજપે ક્યારેય જીએસટીનો વિરોધ કર્યો નથી. એના તરીકાનો વિરોધ કર્યો હતો. યુપીએ સરકાર આ કરવેરા સુધારાનો મુદ્દો લઈને આવી. સેસ ઘટાડવાથી રાજ્યોન નુકસાન થયું, જે યુપીએ સરકારે ચૂકવવાનું હતું, પણ ના ચૂકવ્યું. તે ૩૭ હજાર કરોડ રૂપિયા એનડી સરકારે ચૂકવ્યા.

(૬) સર્વાનુમતથી જીએસટીનો કાયદો પસાર થયો અને નામ શું આપવામાં આવ્યું ? - ‘ગબ્બરસિંહ ટૅક્સ’. કાયદાથી નાખેલો ટૅક્સ શું વસૂલાત કહેવાય ? જે લોકો આને ગબ્બરસિંહ ટૅક્સ કહે છે, એ ટૅક્સ ક્યાં જાય છે ? - ‘વન રેંક - વન પેન્શન’ માટે, ગરીબો માટેની ઉજ્જ્વલા યોજના માટે, સૌભાગ્ય યોજના અંતર્ગત ગરીબને વીજળી પહોંચાડવામાં. લોકોને કર ન ભરવા માટે ઉશ્કેરવા એ કોઈ સારી વાત છે શું ? આજે અમે અહીં છીએ, કાલે તમે પણ આવી શકો છો. અમારી માનસિકતા એવી નથી કે અમારું શાસન કાયમ માટે રહેશે. ૫૫ વર્ષ સુધી તમે પણ રહ્યા છો. કેટલીક વાતો પક્ષીય રાજકારણથી ઊંચા પ્રકારની હોય છે.

(૭) દેશની સુરક્ષા કોઈ પણ દેશ માટે મહત્ત્વની હોય છે, પરંતુ દેશની સુરક્ષા ત્યાં સુધી તન-મનથી નથી થતી, જ્યાં સુધી તેના સૈનિકો ખુદને સુરક્ષિત મહેસૂસ કરે. દેશના જુવાનો ચાલીસ વર્ષથી ‘વન રેંક - વન પેન્શન’ની માગણી કરતા હતા. ઘણી સરકારો આવી, કોઈએ આ વાત પર લક્ષ્ય આપ્યું નહીં. કોઈએ ધ્યાન આપ્યું તો પણ ૧૦૦ કરોડ રૂપિયાનો બજેટમાં પ્રસ્તાવ કરીને જવાનોને અંગૂઠો બતાવવાનું કામ કર્યું. અમારી સરકારે ‘વન રેંક-વન પેન્શન’ માટે એક હજાર

કરોડ રૂપિયા ફાળવ્યા છે. તેનાથી જુવાનોનો જુસ્સો વધ્યો છે.

(૮) દેશમાં ઘણી વાર આતંકી હુમલાઓ થયા છે અને ઘણા જવાનો હતોત્સાહ થયા, પરંતુ કોઈએ આનો જવાબ આપવાનું ઉચિત ન સમજ્યું. એક દિવસ બાર જુવાનોને જીવતા સળગાવી દેવામાં આવ્યા. ભાજપ સરકારે દસ દિવસમાં દૃઢ રાજનીતિક ઈચ્છાશક્તિનો અહેસાસ કરાવવા સર્જિકલ સ્ટ્રાઈકનો નિર્ણય કર્યો અને તેનો અમલ કર્યો. તે પછી ભારત તરફ જોવાની વિશ્વની નજરમાં બદલાવ આવ્યો.

(૯) જ્યારે અમે સત્તા પર આવ્યા ત્યારે સૈન્યની ત્રણે પાંખોનું આધુનિકીકરણ નહીંવત્ હતું. અમે તેમાં સુધારા કર્યા. સંચાર વ્યવસ્થાને પણ બહેતર બનાવી રહ્યા છીએ. સુરક્ષાદળોનું આધુનિકીકરણ પણ બીજેપી સાથે સંલગ્ન શબ્દ છે.

(૧૦) આપણા દેશ માટે કાશ્મીર એ મુખ્ય સમસ્યા છે. એવી ચર્ચાઓ પૂરજોશમાં ચાલતી હતી કે ક્યાંક કાશ્મીર આપણા હાથમાંથી સરકી તો નહીં જાય ને ? પરંતુ હું આજે કહી શકું છું કે કાશ્મીર છેલ્લાં પાંત્રીસ વર્ષ દરમિયાન અત્યારે સૌથી વધુ સુરક્ષિત અને શાંત છે. વિદેશથી પૈસા મેળવીને આતંક ફેલાવનારાઓ અત્યારે જેલમાં છે.

(૧૧) ઓબીસી વર્ગ આયોગને અમે સંવૈધાનિક માન્યતા આપી છે. પરંતુ રાજ્યસભામાં અમારી બહુમતી નથી. કોંગ્રેસે વિરોધ કર્યો. મેં વિરોધ શબ્દનો ઉપયોગ એટલા માટે કર્યો કે તમારો વિરોધ કરવાની રીત બદલવાથી વિરોધ નાબૂદ થઈ જતો નથી.

(૧૨) ટ્રિપલ તલાકને દેશની અલગ અલગ કોર્ટમાં માન્યતા મળી ગઈ છે. એવું નથી કે અદાલતે પહેલીવાર ચુકાદો આપ્યો છે. શાહબાનો કેસમાં કોર્ટે ચુકાદો આપ્યો હતો, તેને બદલવાનું કામ કોંગ્રેસે કર્યું છે. ટ્રિપલ તલાક મુદ્દા પર પોતાનો વિરોધ દર્શાવ્યો. હમણાં તમે ઊભા થઈને કહેશો કે તમે વિરોધ નથી કર્યો. તમારા વિરોધની રીત અલગ છે, પણ આખરે તમે વિરોધ કર્યો જ. હું તો આજે પણ કહું છું કે જો વિરોધ નથી કરતા અમે કાલે પણ આ મુદ્દો લઈને આવી શકીએ છીએ. અમને શું તકલીફ છે ?

(૧૩) ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરના લીધે દર વર્ષે સરકારના ૫૭ હજાર કરોડ રૂપિયા બચ્યા છે. આ પૈસા ક્યાં જતા હતા ? હું એમ નથી કહેતો કે કોઈ એક માણસ આ પૈસા ચાઉં કરી જતો હતો. પરંતુ વિતરણ વ્યવસ્થામાં છીદ્રો હોવાને કારણે લોકોની કાળી મજૂરીના પૈસા એવા લોકો ખાઈ જતા હતા જેઓને તે અધિકાર નહોતો.

(૧૪) એવી ઘણી બાબતો છે, જેનાથી દેશનું ગૌરવ વધ્યું છે. પેરિસ સમજૂતીમાં ભારતની જે ભૂમિકા રહી છે તેણે ભારતનું ગૌરવ વધાર્યું છે. દાવોસમાં પ્રધાનમંત્રીશ્રીનું ઉદ્‌ઘાટન ભાષણ દરેક ભારતીય માટે ગૌરવની બાબત છે. પ્રધાનમંત્રીશ્રીએ કોઈને પણ નીચે દેખાડ્યા વગર ભારત કેટલો મહાન છે તે પ્રસ્તુત કરવાનું કામ કર્યું છે. દુનિયામાં દેશને ગૌરવ અપાવનારી આ ઘટના છે.

(૧૫) અંતરીક્ષમાં એક સાથે ૧૦૪ ઉપગ્રહ છોડીને ઈસરોએ એક રેકોર્ડ બનાવ્યો છે. હું માનું છું કે આનાથી દેશની વિચારવાની દૃષ્ટિમાં બદલાવ આવી શકે છે. આ ૨૬ જાન્યુઆરીએ દસેદસ એશિયાઈ દેશોના રાષ્ટ્રાધ્યક્ષોનું સમારોહમાં ઉપસ્થિત રહેવું એ એક મોટી ઉપલબ્ધિ છે.

(૧૬) કોંગ્રેસ સરકારના ૧૨ લાખ કરોડનાં કૌભાંડો પછી અમારી સરકાર બની, તે વાતને સાડા ત્રણ વર્ષ થઈ ગયાં. આ દરમિયાન અમારા વિરોધીઓ પણ અમારા ઉપર ભ્રષ્ટાચારનો એક પણ આરોપ લગાવી નથી શક્યા.

(૧૭) કાળાં નાણાં વિરુદ્ધ એક સમજી-વિચારીને નક્કી કરેલી રણનીતિ અંતર્ગતએક મોટી લડાઈ લડવામાં આવી. એસઆઈટી બનાવવાનું કામ અમે કર્યું. એક આંતરરાષ્ટ્રીય સ્તર પર સહમતિ સાધવાની કોશિશ કરી. નોટબંધીના કારણે કાળાં નાણાં પર મોટો પ્રહાર થયો છે, અને ૩ લાખથી વધુ સેલ કંપનીઓ બંધ કરવાનું કામ થયું છે.

(૧૮) સરકારે કોઈ અવઢવમાં અટવાયા વગર એ નક્કી કરી લીધું કે ખેડૂતોનો વિકાસ પણ કરી શકાય છે. ઉદ્યોગોનો પણ વિકાસ થઈ શકે છે. અનેક પ્રકારના પ્રશ્નોમાંથી દેશને બહાર લાવવાનું કામ આ સરકારે કર્યું છે.

(૧૯) લોકશાહીમાં સરકાર સારી રીતે ચાલે કે નહીં, તેનો આધાર જનાદેશ જ હોઈ શકે છે. ૨૦૧૪ પછી જ્યાં જ્યાં ચૂંટણીઓ થઈ, મોટાભાગનાં રાજ્યોમાં ભાજપાની સરકાર બની. ૧૯૬૫ પછી એક પણ કોંગ્રેસી સરકાર એવી નથી જે ૨૭ વર્ષ સુધી શાસનમાં રહી હોય.

(૨૦) ત્રણ અનિષ્ટો - વંશવાદ, જાતિવાદ અને તુષ્ટીકરણ. ઉત્તર પ્રદેશ અને ગુજરાતમાં થયેલી ચૂંટણીઓ પછી હું કહી શકું છું કે દેશના લોકતંત્રને અભિશાપના ભરડામાંથી મુક્ત કરાવવાનું કામ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે.

●



# વિશ્વની સૌથી મોટી હેલ્થ પોલિસી કેન્દ્ર સરકારે જાહેર કરી



## ખેડૂતોને દોઢગણા ટેકાના ભાવ મળશે

નાણામંત્રી શ્રી અરુણ જેટલી દ્વારા બજેટમાં ખેડૂતો અને કૃષિ ક્ષેત્રને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવ્યું હતું. શ્રી જેટલીએ બજેટ સ્પીચની શરૂઆતમાં જ જણાવ્યું હતું કે મોદી સરકાર ખેડૂતોના વિકાસ માટે પ્રતિબદ્ધ છે. વડાપ્રધાન મોદીએ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનો વાયદો કર્યો હતો. સરકાર આ વાયદો પૂરો કરવાની દિશામાં સતત અગ્રેસર છે.

સરકારે આ મુદ્દે મહત્ત્વનો નિર્ણય લીધો છે. ખેડૂતોને તેમની ઊપજના લઘુતમ ટેકાના ભાવ દોઢગણા આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સરકાર દ્વારા રવી પાક અને ખરીફ પાક માટે જે એમએસપી નક્કી કરવામાં આવી છે તે આ ફોર્મ્યુલાના આધારે જ છે. આગામી ખરીફ સિઝનમાં પણ સરકાર આ ફોર્મ્યુલાને જ અનુસરીને કામ કરવાની છે. તમામ પાકોના દોઢગણા ભાવ આપવામાં આવશે. દેશ વિકાસ કરી રહ્યો છે અને આ વિકાસનો લાભ ખેડૂતોને વધારેમાં વધારે મળે તે અંગે કામ કરવામાં આવી રહ્યું છે. ખેડૂતોને તેનો મહત્તમ લાભ મળે તે માટે પણ ચોક્કસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

એગ્રિકલ્ચર સેક્ટરમાં સૌથી વધારે ધ્યાન આપવામાં આવ્યું છે. હાલમાં આ સેક્ટર આગળ વધી રહ્યું છે અને તેનો વધારે વિકાસ થાય તે માટે વધારે ફાળવણી કરવાની પણ યોજના જાહેર કરાઈ છે. તાજેતરના બજેટમાં એગ્રિકલ્ચર સેક્ટર માટે વિશેષ જાહેરાત કરવામાં આવી છે. ૨૦૧૮-૧૯ના બજેટમાં એગ્રિકલ્ચર સેક્ટરમાં કુલ ૬૩,૮૩૬ કરોડની ફાળવણી કરવામાં આવી છે. ગત વર્ષે આ ક્ષેત્રમાં ૫૮,૬૬૩ કરોડની ફાળવણી કરવામાં આવી હતી. ગત વર્ષની સરખામણીએ આ ક્ષેત્રમાં ૫,૧૭૩ કરોડ રૂપિયાની વધારાની ફાળવણી કરવામાં આવી છે.

એમએસપી અંગે ઘણી દ્વિધાઓ પ્રવર્તી રહી છે. સરકારે તે મુદ્દે પણ ખુલાસા કર્યા છે અને ખેડૂતોની ચિંતા હળવી થાય તે દિશામાં પગલાં લેવાનું શરૂ કર્યું છે. શ્રી જેટલીએ જણાવ્યું કે, માત્ર એમએસપી વધારવાથી ખેડૂતોને લાભ થશે કે તેમની આવક વધી જશે તે માની લેવું ભૂલભરેલું છે. માત્ર એમએસપી વધારવાથી કંઈ વળવાનું નથી. સરકારે એ પણ જોવું પડશે કે જો બજારમાં એમએસપી કરતાં ઓછા ભાવ હશે તો તેનાથી નાણાબોજ વધશે. આ સંજોગોમાં ખેડૂતોને કરાતી ચુકવણી અંગે સરકારે વૈકલ્પિક વ્યવસ્થા પણ કરવી પડશે. સરકારે આ સંજોગોમાં ખેડૂતો પાસેથી ઊપજની ખરીદી કરવી કે નહીં અથવા તો અન્ય કોઈ વ્યવસ્થા કરવામાં આવે તેવા નિર્ણયો લેવા પડશે. નીતિ આયોગ સાથે જોડાઈને કેન્દ્ર સરકાર આ મુદ્દે વિચારણા કરી રહી છે અને નીતિ બનાવી રહી છે. ખેડૂતોને તેમની ઊપજના યોગ્ય અને સારા ભાવ મળે તે માટે જ તમામ પ્રકારના નિર્ણયો લેવામાં આવશે.

### ગ્રામીણ એગ્રિકલ્ચર માર્કેટનો વિકાસ કરાશે

નાણામંત્રી શ્રી અરુણ જેટલીજીએ બજેટની જાહેરાત દરમિયાન જણાવ્યું કે આગામી નાણાકીય વર્ષમાં ગ્રામીણ એગ્રિકલ્ચર માર્કેટનો વિકાસ કરવામાં આવશે. તે માટે સરકાર દ્વારા ૨૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ ફાળવણી દ્વારા ૨૨ હજાર ગ્રામીણ એગ્રિકલ્ચર માર્કેટ અને ૫૮૫ એપીએમસીમાં એગ્રિકલ્ચર માર્કેટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ કરવામાં આવશે. આ તમામ બજારને ઈલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા ઈનેમ સાથે જોડવામાં આવશે. ઈનેમ સાથે જોડવાથી તમામનું આયોજન અને વ્યવસ્થાપન અને ખાસ કરીને નાના ખેડૂતો સીધા જ એકબીજા સાથે જોડાઈ શકશે. વચેટિયાઓ દૂર થઈ જશે અને નાના ખેડૂતો પોતાની ઊપજ સીધી જ ગ્રાહકો અને વેપારીઓને વેચી શકશે. સરકાર એગ્રિ એક્સપોર્ટને વધારવા માગે છે અને

તેના ભાગરૂપે જ આ પગલાં લેવામાં આવી રહ્યાં છે. સરકારી અંદાજ પ્રમાણે હાલના સમયમાં એગ્રિ એક્સપોર્ટ ઓછી છે. આગામી સમયમાં સરકાર તેને ૧૦૦ અબજ ડૉલર સુધી પહોંચાડવા માટે પ્રયત્નશીલ છે. સરકારે કૃષિ લોનને પણ પ્રોત્સાહન આપવાનો નિર્ણય કર્યો છે. સરકારે આ માટે ૧૧ લાખ કરોડનો લક્ષ્યાંક રાખ્યો છે. ખેડૂતોના વિકાસ અને વૃદ્ધિ માટે તમામ પ્રયાસ હાથ ધરવામાં આવશે.

### જૈવિક ખેતીને પ્રોત્સાહન આપવામાં આવશે

કેન્દ્ર સરકાર દ્વારા આ બજેટમાં જૈવિક ખેતીને પણ સ્થાન આપવામાં આવ્યું છે. આ ક્ષેત્રમાં સુધારા અને વધારા કરવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી. જૈવિક ખેતીને પ્રોત્સાહન મળે તે માટે કેટલીક યોજનાઓ લાગુ કરવામાં આવશે તેમ કહેવાયું છે. તે ઉપરાંત ઓષધીય ખેતી માટે પણ પગલાં લેવાની જાહેરાત કરાઈ છે. ફાર્મ કોમોડિટીઝની નિકાસ માટે નિયમો હળવા કરવામાં આવશે. તે ઉપરાંત ૪૨ જેટલા મેગા ફૂડ પાર્કની સ્થિતિ સુધારવામાં આવશે અને તેને અત્યાધુનિક બનાવવામાં આવશે તેવી જાહેરાત પણ નાણામંત્રી દ્વારા કરવામાં આવી હતી. ફૂડ પ્રોસેસિંગ સેક્ટરમાં ૮ ટકાના દરે વધારો થઈ રહ્યો છે. તેમાં ગત વર્ષે ૭૧૫ કરોડની ફાળવણી કરવામાં આવી હતી. આ વર્ષે ફાળવણીની રકમ બમણી કરીને ૧૪૦૦ કરોડ રૂપિયા કરી દેવામાં આવી છે. ફૂડ પ્રોસેસિંગ સેક્ટરમાં કુલ ૧૪ અબજ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. ઓપરેશન ગ્રીન દ્વારા બટાકા, ટામેટાં અને ડુંગળીના ભાવમાં થતા ઉતાર-ચડાવને કાબૂ કરવા માટે ૫૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

## દેશના ૧૦ કરોડ પરિવારને વાર્ષિક રૂ. ૫ લાખનો આરોગ્ય વીમો મળશે

નાણાપ્રધાન શ્રી અરુણ જેટલીજીએ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯નું ખેડૂત રોજગાર અને આરોગ્યલક્ષી બજેટ રજૂ કર્યું હતું. આ બજેટમાં દેશના દરેક વર્ગના લોકોનું સ્વાસ્થ્ય સુધરે તે માટે યોજના જાહેર કરવામાં આવી છે. શ્રી અરુણ જેટલીજીએ સૌથી મહત્ત્વની હેલ્થકેર સ્કીમ, રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સુરક્ષા યોજના જાહેર કરી છે. શ્રી જેટલીજીએ આ યોજના હેઠળ દેશના ૧૦ કરોડ ગરીબ પરિવારને વાર્ષિક રૂા. ૫,૦૦,૦૦૦નો આરોગ્ય વીમો આપવામાં આવશે. સરકારની યોજના આયુષ્માન ભારત લાગુ કરવામાં આવશે. આ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સુરક્ષા યોજના દુનિયાની સૌથી મોટી આરોગ્યલક્ષી યોજના છે. આ યોજના હેઠળ દેશભરના કરોડો લાભાર્થીઓને વાર્ષિક લાભ થશે.

નાણાપ્રધાન શ્રી અરુણ જેટલીજીએ દુનિયાની સૌથી મોટી હેલ્થ કેર સ્કીમ જાહેર કરતાં જણાવ્યું હતું કે આ યોજના થકી દેશના આશરે ૫૦ કરોડ લોકોને લાભ મળી રહેશે. જેનાથી દેશની ૧.૩૦ અબજની વસ્તીમાં ૪૦ ટકા વસતીને ફાયદો મળી રહેશે. સ્વસ્થ ભારત વગર દેશની સફળતા શક્ય નથી. આ યોજના અંતર્ગત ૧.૫૦ લાખ નવાં સ્વાસ્થ્ય કેન્દ્ર સારવાર હેતુ ખોલવામાં આવશે, જે લોકોના રહેણાક વિસ્તારની નજીકમાં હશે. ખાનગી ક્ષેત્રની કંપનીઓને આ સ્વાસ્થ્ય કેન્દ્ર એડોપ્ટ કરવા માટે નાણાપ્રધાન શ્રી અરુણ જેટલીજીએ આહ્‌વાન કર્યું હતું. ૧૦ કરોડ પરિવારને ૫ લાખની સારવાર સુવિધા મળતાં લોકોનું સ્વાસ્થ્ય સુધરવાની આશા વ્યક્ત કરી છે.

આયુષ્માન ભારત યોજના આવનારા ભવિષ્યમાં નવા તંદુરસ્ત ભારતનું સર્જન કરશે. આ યોજનાથી રોજગારી આપવાનો પણ લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. ટીબીની બીમારીથી પીડાતા દર્દીઓને દર મહિને રૂા. ૫૦૦ની સહાય આપવામાં આવશે. જે માટે રૂા. ૬૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. આ યોજના હેઠળ આખા દેશમાં ૨૪ નવી સરકારી મેડિકલ કૉલેજ ઊભી કરવામાં આવશે, સાથે સાથે જિલ્લાની હૉસ્પિટલને અપગ્રેડ કરવામાં આવશે. ત્રણ સંસદીય ક્ષેત્ર વચ્ચે એક સરકારી મેડિકલ કૉલેજ તૈયાર કરવામાં આવશે. પ્રધાનમંત્રી જનધન યોજના હેઠળ માઈક્રો ઈન્સ્યોરન્સ અને પેન્શન સ્કીમની શરૂઆત કરવામાં આવશે. શ્રી જેટલીજીએ કહ્યું કે, ગરીબ પરિવારોને દર વર્ષે રૂા. ૫ લાખની મદદ સરકાર તરફથી મળી રહેશે. દુનિયાનો આ સૌથી મોટો હેલ્થ કેર પ્રોગ્રામ છે.

### સ્વાસ્થ્ય કેન્દ્રમાંથી મળશે મફત દવાઓ ટ્રીટમેન્ટ માટે ચાર્જ નહીં

કેન્દ્ર સરકાર દ્વારા દેશના મોટાભાગના વિસ્તારોમાં જનઔષધી કેન્દ્રમાં રાહતદરે દવાઓનું વેચાણ શરૂ કરવામાં આવ્યું છે. ત્યારે હવે સ્વાસ્થ્ય કેન્દ્રમાંથી જ મફત દવાઓ મળી રહેશે એવી જાહેરાત બજેટમાં કરવામાં આવી છે. શ્રી અરુણ જેટલીજીએ જણાવ્યું હતું કે, તમામ સ્વાસ્થ્ય કેન્દ્રોમાંથી મફતમાં દવાઓ મળી રહેશે. સાથોસાથ દર્દીઓની મફત સારવાર કરવામાં આવશે. સ્વાસ્થ્ય કેન્દ્રમાં હવે ટ્રીટમેન્ટ માટે કોઈ પ્રકારનો ચાર્જ ચૂકવવો નહીં પડે. મફત સારવાર માટે દેશનાં કેટલાંક રાજ્યોએ પણ પહેલ કરી હતી. ખાનગી કંપનીઓને આહ્‌વાન કરતાં તેમણે જણાવ્યું હતું કે, કોઈ પણ ખાનગી કંપની આરોગ્ય કેન્દ્રને એડોપ્ટ કરી શકશે. આયુષ્માન ભારત કાર્યક્રમ અંતર્ગત રૂા. ૧૨૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. આ વખતના બજેટમાં ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે ખાસ આયોજન કરવામાં આવ્યું છે. આ નાણાં હેલ્થકેર સેન્ટર ઊભું કરવા પાછળ વાપરવામાં

## કેન્દ્રીય બજેટને આવકારતા શ્રી વિજયભાઈ રૂપાણી



# કેન્દ્રની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારનું અંદાજપત્ર 'સૌનો સાથ સૌનો વિકાસ' પાર પાડનારું સર્વસ્પર્શી બજેટ - મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કેન્દ્રની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારના નાણામંત્રીશ્રી અરુણ જેટલીએ રજૂ કરેલા ૨૦૧૮-૧૯ના બજેટને 'સૌનો સાથ સૌનો વિકાસ'ની નેમ પાર પાડનારું લોકરંજક સર્વસ્પર્શી બજેટ ગણાવ્યું છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ બજેટની પ્રતિક્રિયા આપતાં સ્પષ્ટપણે કહ્યું કે, આ અંદાજપત્ર ભારતીય અર્થતંત્રને મજબૂત કરનારું તેમજ કિસાન-ખેડૂત-ખેતી-ગ્રામીણ વિસ્તારોની ચિંતા કરનારું અને લઘુ ઉદ્યોગોને પ્રોત્સાહિત કરનારું છે. તેમણે ઉમેર્યું કે, નયા ભારત - ન્યૂ ઈન્ડિયાના નિર્માણ માટે આ અંદાજપત્ર અત્યંત મહત્ત્વપૂર્ણ બની રહેવાનું છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આ વર્ષના બજેટમાં ઈઝ ઓફ ડૂઈંગ સાથે ઈઝ ઓફ લીવિંગનો નવો કન્સેપ્ટ સૌના જીવનધોરણમાં સુધાર લાવશે જ.

શ્રી વિજયભાઈ રૂપાણીએ શિક્ષણ, આરોગ્ય, કૃષિ, સિંચાઈ જેવાં પાયાનાં ક્ષેત્રોમાં મહત્ત્વપૂર્ણ લાભકારી આ બજેટની વિશેષતા વર્ણવતાં કહ્યું કે, આયુષ્યમાન ભારતના ફ્લેગશીપ કાર્યક્રમ અન્વયે પહેલીવાર ૫૦ કરોડ ગરીબ લાભાર્થીઓને રૂ. પાંચ લાખનું વાર્ષિક આરોગ્ય સુરક્ષાકવચ સરકાર આપવાની છે. તેમણે ઉમેર્યું કે, ગરીબ પરિવારો પર વિશેષ ધ્યાન આપનારા આ કેન્દ્રીય બજેટમાં ૪ કરોડ ગરીબોને વિનામૂલ્યે વીજસુવિધા અને ૮ કરોડ ગ્રામીણ માતા-બહેનોને રસોડાના ધુમાડાથી મુક્તિ અપાવી ઉજ્જવલા તહેત રાંધણ ગેસ કનેક્શન આપવાની સંકલ્પબદ્ધતા ગરીબો પ્રત્યેની કેન્દ્ર સરકારની સંવેદનાનો પ્રતિઘોષ પાડે છે.

મુખ્યમંત્રીશ્રીએ ખેડૂતોને લઘુતમ ટેકાના ભાવોમાં વધારો, ગ્રીન હાઉસ, ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે ઝોક તેમજ કલસ્ટર આધારિત ખેતી અને હરેક ખેતરને સિંચાઈ સુવિધા આપવા ૨૬૦૦ કરોડના પ્રાવધાન સાથેના 'ઓપરેશન ગ્રીન'ની સરાહના કરતાં કહ્યું કે, ખેડૂતો માટે આ ઉત્કૃષ્ટ બજેટ છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ યુવા વર્ગોને રોજગાર અવસરો, મહિલાઓ, નાના મધ્યમ ઉદ્યોગકારો માટે પ્રોત્સાહક નીતિઓ સાથેનું આ બજેટ ન્યૂ ઈન્ડિયાનું લક્ષ્ય સાકાર કરનારું બનશે તેવો વિશ્વાસ દર્શાવ્યો છે. તેમણે કહ્યું કે, નવી તકોનું નિર્માણ, નવી મેડિકલ કૉલેજો, હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર્સ, જિલ્લાઓમાં સ્કીલ સેન્ટર અને વડોદરામાં રેલ્વે યુનિવર્સિટી જેવી પહેલથી શ્રી નરેન્દ્રભાઈ મોદીની કેન્દ્ર સરકારનું આ બજેટ ભારત માતાને સુદૃઢ-મજબૂત અર્થતંત્ર તરીકે પ્રસ્થાપિત કરશે જ. મુખ્યમંત્રીશ્રીએ આવાં જનહિતકારી બજેટ રજૂ કરવા માટે કેન્દ્રીય નાણામંત્રીશ્રીએ અભિનંદન પાઠવ્યાં હતાં.

આવશે. દેશભરમાં આયુષ્માન ભારત યોજના હેઠળ ૧.૫ લાખ આરોગ્ય કેન્દ્ર તૈયાર કરવામાં આવશે. દેશની આરોગ્યનીતિમાં સુધારો કરવા અને ગુણવત્તાયુક્ત સારવાર માટે આ કેન્દ્રોનો વિચાર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત આવનારાં વર્ષમાં ૨ કરોડ શૌચાલય બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. હવે ગરીબ પરિવારોને રૂા. ૫ લાખ સુધીના ઈલાજ માટે પોતાના પૈસા ખર્ચવા નહીં પડે. હૉસ્પિટલમાં દાખલ કરવા માટે એ સુનિશ્ચિત કરીશું કે આ કાર્યક્રમને સંપૂર્ણપણે પૂરો કરી શકાશે.

તેમણે કહ્યું હતું કે દેશભરમાં ૩૦૦૦થી વધારે જનઔષધી કેન્દ્રમાંથી ૮૦૦થી વધારે દવાઓનું મફત વિતરણ કરવામાં આવી રહ્યું છે, જેનો લાભ કરોડો દેશવાસીઓને મળી રહ્યો છે. આરોગ્યક્ષેત્રે આ બજેટમાં મહત્ત્વની જાહેરાત કરવામાં આવી હતી. લોકોના આરોગ્યને સુધારવા માટેનાં અગત્યના પગલાંઓમાં આ એલાનનો સમાવેશ થાય છે. નવા સ્વાસ્થ્ય કેન્દ્રો ખૂલતાં આ સંખ્યામાં નોંધપાત્ર વધારો થવાની આશા વ્યક્ત કરી છે.

## રેલવે માટે ૧.૪૮ લાખ કરોડની ફાળવણી, ૩,૬૦૦ કિ.મી. ટ્રેકનું થશે નવીનીકરણ

શ્રી અરુણ જેટલીજીએ સામાન્ય બજેટ રજૂ કરતાં રેલવે માટે ૧.૪૮ લાખ કરોડની ફાળવણી કરી હતી. તેમણે રેલવે બજેટ રજૂ કરતાં અનેક મહત્ત્વની

જાહેરાતો કરતાં જણાવ્યું હતું કે રેલવે માટે ૩૬૦૦ કિ.મી. ટ્રેકનાં નવીનીકરણનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. બજેટ રજૂ કરતાં શ્રી અરૂણ શ્રી જેટલીજીએ ૧૮,૦૦૦ કિ.મી. રેલવે લાઇનને ડબલ કરવાની તેમ જ ૪,૦૦૦ કિ.મી. ટ્રેક પણ ત્રણ કે ચાર લાઇન ઊભી કરવાના લક્ષ્યની પણ જાહેરાત થઈ હતી. આ ઉપરાંત ૬૦૦ જેટલાં રેલવે સ્ટેશનને આધુનિક ઓપ આપવામાં આવશે. ઉંમરલાયક પ્રવાસીને રાહત આપવા ૨૫,૦૦૦થી વધુ પ્રવાસીની અવરજવર હશે તેવા સ્ટેશને એસ્કેલેટર લગાવવાની પણ જાહેરાત થઈ હતી. તમામ રેલવે સ્ટેશન અને ટ્રેન વાઈ-ફાઈ અને સીસીટીવીથી સજ્જ કરવામાં આવશે. મુંબઈમાં લોકલ ટ્રેનસેવાનો વધુ વિસ્તાર સુધી પહોંચાડવા ૯૦ કિ.મી. વધારાની ટ્રેક તૈયાર થશે. બુલેટ પરિયોજના માટે માનવસંસાધન ઊભાં કરવા વડોદરા ખાતે રેલવે યુનિવર્સિટી ઊભી થશે. તેમણે જણાવ્યું હતું કે સપ્ટેમ્બર ૨૦૧૭માં બુલેટ ટ્રેનની શિલાન્યાસ વિધિ થઈ હતી. યુનિવર્સિટીમાં ૩,૦૦૦ વિદ્યાર્થીને પ્રવેશ મળશે. આ બજેટમાં રેલવે આધુનિકીકરણ અને પ્રવાસીઓની સુરક્ષા પર વધુ ધ્યાન અપાયું છે. પુણે-લોનાવાલા ત્રીજી અને ચોથી રેલવે લાઇન માટે રૂપિયા ૪.૨૫ કરોડની ફાળવણી કરવામાં આવી હતી. રેલવેની આવકમાં વધારો કરવા ખાલી પડેલી જમીનનો ધંધાદારી ઉપયોગ થશે તેમ પણ કહેવામાં આવ્યું હતું.

નાણાપ્રધાન શ્રી અરુણ જેટલીજીએ જણાવ્યું હતું કે ગયા વર્ષના બજેટમાં રેલવે માટે ૧.૩૧ લાખ કરોડની ફાળવણી થઈ હતી. તો વર્ષ ૨૦૧૫માં આ આંકડો ૧.૨૧ લાખ કરોડ હતો. વર્ષ ૨૦૧૭નું રેલવે બજેટ રજૂ કરતાં જે ચાર સેક્ટર પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો તેમાં પેસેન્જર સેફ્ટી, કેપિટલ એન્ડ ડેવલપમેન્ટ તેમજ ફાઇનાન્સિયલ એન્ડ એકાઉન્ટિંગ રિફોર્મનો સમોવશ થતો હતો. રેલવે બજેટ ભૂતકાળમાં અલગથી રજૂ થતું હતું, પરંતુ ૯૨ વર્ષની જૂની પરંપરા પર પૂર્ણવિરામ મૂકીને ગયા વર્ષથી જ કેન્દ્રીય બજેટ સાથે રેલવે બજેટ રજૂ કરવાની નવી પરંપરાનો આરંભ થયો હતો.

### સમગ્ર રેલવે લાઇન બ્રોડગેજમાં તબદીલ થશે

આ વર્ષે ૭૦૦ જેટલાં એન્જિન તૈયાર થશે. નાણાપ્રધાન શ્રી અરૂણ શ્રી જેટલીજીએ ૧૨,૦૦૦ નવાં વેગન અને ૫,૧૬૦ કોચ તૈયાર કરવાના લક્ષ્યાંકની પણ જાહેરાત કરી હતી. સમગ્ર ભારતના રેલવે નેટવર્કને બ્રોડગેજમાં તબદીલ કરવાનાં લક્ષ્યની પમ નાણાપ્રધાને જાહેરાત કરી હતી. નાણાપ્રધાને જણાવ્યું હતું કે ફાળવણી પૈકી મોટાભાગના નાણા પાટાના ગેઝ બદલવા પાછળ ખર્ચાશે. માનવરહિત ૪,૨૬૭ જેટલાં રેલવે ક્રોસિંગ બંધ કરવાની તેમજ ૪,૦૦૦ કિ.મી. ટ્રેકના ઈલેક્ટ્રિફિકેશનની પણ જાહેરાત કરવામાં આવી હતી.

## પેન્શનરો તેમજ સિનિયર સિટીઝનો માટે ૨૦૧૮ના અંદાજપત્રમાં કરાયેલી ઉદાર જોગવાઈઓ

૨૦૧૮નું કેન્દ્રીય અંદાજપત્ર રજૂ કરતી વખતે કરાદાતાઓના કોઈ એક વર્ગને નાણામંત્રીશ્રી અરુણ જેટલીજીએ જો પ્રેમપૂર્વક આવકવેરા રાહતો તેમજ અન્ય રોકાણ સુવિધાઓના લાભ આપ્યા હોય તો તે સિનિયર સિટીઝન્સ અર્થાત્ ૬૦ વર્ષથી ઉપરની વયના વરિષ્ઠ નાગરિકો છે. ૨૦૧૮ના નાણાકીય બિલમાં રજૂ કરાયેલ વિવિધ દરખાસ્તો પૈકી નીચે મુજબની મહત્ત્વની જોગવાઈઓ આ વર્ગના કરદાતાઓને સ્પર્શે છે.

### કલમ ૧૬ હેઠળ પેન્શનની આવકમાંથી રૂા. ૪૦,૦૦૦ના સ્ટાન્ડર્ડ ડિડક્શનનો લાભ મળી શકે

કલમ ૧૬ની પ્રવર્તમાન જોગવાઈમાં આગામી નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯થી કરાયેલ સુધારા અનુસાર પગારની આવકમાંથી રૂા. ૪૦,૦૦૦ અથવા પગારની ખરેખર રકમને સ્ટાન્ડર્ડ ડિડક્શન તરીકે બાદ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. આવકવેરાના કાયદા હેઠળ પેન્શનની આવકને પણ પગારના શીર્ષક હેઠળ કરપાત્ર ગણવામાં આવતી હોઈ, તેના સંદર્ભમાં તેના સ્ટાન્ડર્ડ ડિડક્શનનો લાભ તમામ પેન્શનરોને પણ મળી શકશે.

### માતા-પિતાનાં મેડિકલ ઇન્સ્યોરન્સ પ્રીમિયમની ચુકવણી સંબંધી વધારાની કપાતનો લાભ

વ્યક્તિનાં ઉંમરલાયક માતા-પિતાના કેસમાં મેડિકલ ઈન્સ્યોરન્સ પ્રીમિયમની ચુકવણીની જવાબદારી વિશેષ હોઈ, તેને પહોંચી વળવા માટે કરાયેલ પ્રવર્તમાન જોગવાઈ અનુસાર જો વ્યક્તિ પોતાનાં માતા-પિતાનું પણ પ્રીમિયમ ભરતી હોય, તો તેવા કેસમાં તેને વધારાની રૂા. ૨૫,૦૦૦/-ની કપાતનો લાભ મળી શકે છે. વળી, જો તેનાં માતા કે પિતા બેમાંથી કોઈ પણ સિનિયર સિટીઝન હોય તો તેવા કેસમાં તેને વધારાની રૂા. ૩૦,૦૦૦ની કપાતનો લાભ મળી શકે છે. ૨૦૧૮ના નાણાકીય બિલ હેઠળ સૂચિત સુધારા અનુસાર ઉપરોક્ત કેસોમાં સિનિયર સિટીઝનોની રૂા. ૩૦,૦૦૦ની કપાતને વધારીને રૂા. ૫૦,૦૦૦ કરવામાં આવી છે. આમ, કલમ ૮૦ડી હેઠળ હવે વ્યક્તિને અસરકારક સ્વરૂપે રૂા. ૫૦,૦૦૦ (પોતાના કુટુંબના ૨૫,૦૦૦

ડૉ. હર્ષદ પટેલ

+ માતા-પિતા રૂા. ૨૫,૦૦૦) અથવા રૂા. ૭૫,૦૦૦ (પોતાના કુટુંબના રૂા. ૨૫૦૦૦ + સિનિયર સિટીઝન માતા કે પિતાના રૂા. ૫૦,૦૦૦) અથવા રૂા. ૧,૦૦,૦૦૦ (પોતાના કુટુંબના કોઈ સિનિયર સિટીઝન સાથે રૂા. ૫૦,૦૦૦ + સિનિયર સિટીઝન માતા કે પિતાના રૂા. ૫૦,૦૦૦)ની કપાતનો લાભ મળી શકશે.

## ગ્રામ્ય સેક્ટરનો વિકાસ

### ૧૪.૩૪ લાખ કરોડના ખર્ચે ગ્રામ્ય સેક્ટરનો વિકાસ થશે

નાણામંત્રી શ્રી અરુણ જેટલીજીએ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ગ્રામીણ વિકાસ માટે રૂા. ૧૪.૩૪ લાખ કરોડ ફાળવવાની દરખાસ્ત કરાઈ છે. આ હેઠળ મત્સ્યપાલનથી લઈને પશુપાલન અને હાઉસિંગ પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. ગ્રામ્ય ક્ષેત્રમાં ડૉક્ટરો દ્વારા અપાતી સેવાઓને સુધારો, દરેક ૩ સંસદીય ક્ષેત્રમાં એક મેડિકલ કૉલેજ ખોલવાની દરખાસ્ત કરવામાં આવી છે. જ્યારે રૂપિયા ૨૩૦૦ કરોડ પાણી સિંચાઈનાં ખર્ચ માટેનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

- મત્સ્યપાલન અને પશુપાલન માટે રૂા. ૧૦

### 'સર્વાંગીણ સુખાકારી'વાળા બજેટને આવકારતા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી



## ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરી તેમની સુખાકારી-સમૃદ્ધિ માટે ભાજપા સરકારની કટિબદ્ધતાનું પ્રતિબિંબ સ્પષ્ટ દેખાય છે - પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ૨૦૧૮નું બજેટ સર્વાંગીણ સુખાકારીવાળું બજેટ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની નેતૃત્વવાળી કેન્દ્રીય સરકારના નાણામંત્રીશ્રી અરુણ જેટલીજીએ જે બજેટ રજૂ કર્યું છે તે વિકાસની ગતિને ગતિશીલ બનાવશે. બજેટમાં ખેતી માટેની જોગવાઈ સરાહનીય છે. વડાપ્રધાનશ્રીએ ૨૦૨૨ સુધી ખેડૂતોની આવક બમણી કરવાનો લક્ષ્યાંક હાથ ધર્યું છે તેને પરિપૂર્ણ કરવાનું પ્રતિબિંબ આ બજેટમાં દેખાઈ રહ્યું છે. જગતના તાતને આ બજેટથી ખૂબ જ મોટા ફાયદા થવાના છે અને ખેડૂત સુખી-સંપન્ન-સમૃદ્ધ બનશે. કૃષિને લગતા ઉદ્યોગમાં ઈન્કમટેક્સમાં રાહત આપવામાં આવી છે તે એક ખૂબ મોટું પગલું છે. તેમણે વધુમાં જણાવ્યું કે, આરોગ્યક્ષેત્રે નેશનલ હેલ્થ પ્રોટેક્શન સ્કીમ 'આયુષ્યમાન ભારત યોજના' થકી ૧૦ કરોડ પરીવારો એટલે કે ૫૦ કરોડ લોકોના આરોગ્ય ખર્ચની જવાબદારી ઉપાડી વિશ્વની સૌથી મોટી હેલ્થ પૉલિસી કેન્દ્ર સરકારે જાહેર કરી છે તે ઐતિહાસિક છે. નવી મેડિકલ કૉલેજ, નવી હૉસ્પિટલોની જાહેરાત થકી લોકોની આરોગ્ય સુખાકારીમાં ખૂબ મોટો વધારો થનાર છે.

તેમણે જણાવ્યું હતું કે, 'મુદ્રા યોજના' થકી કેન્દ્ર સરકારે લગભગ ૪ લાખ કરોડ રૂપિયાની લોન આપી છે અને સ્વરોજગારના અવસરો વધુ થયા છે. તેનો વ્યાપ વધારતાં હવે ૩ લાખ કરોડની નવી લોનની ફાળવણી કરાશે અને નવા ઉદ્યોગ સાહસિકો પોતાનો રોજગાર સરળતાથી કરી શકશે. મધ્યમ અને લઘુ ઉદ્યોગોમાં ટેક્સનો દર ઘટવાથી તેમજ નવા આયોજન થકી ઉદ્યોગોને વધુ વેગ મળશે અને નવી રોજગારીની તકોનું સર્જન થશે. ૭૦ લાખ નવી રોજગારીઓના અવસર પેદા થશે. મહિલા સશક્તિકરણની દિશામાં સરકાર આગળ વધી રહી છે. ૬ કરોડ શૌચાલયોનું નિર્માણ કરાશે અને ઉજ્જવલા યોજનાનો વ્યાપ વધારી ૮ કરોડ ગરીબ મહિલાઓને ગેસ કનેક્શન આપવામાં આવશે. મહિલાઓના જીવનધોરણમાં સુધારો થશે.

શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આ બજેટમાં શિક્ષણ પર સવિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે અને પ્રાઈમરીથી ધોરણ ૧૨ સુધીની એજ્યુકેશન સીસ્ટમમાં મહત્ત્વના સુધારા થશે. ગામડાંઓને સુદૃઢ અને સુવિધાયુક્ત તેમજ ગામડાંઓમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત બનાવવા તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં નવાં મકાનો બનાવી લોકોના જીવનમાં સુધારો થશે. સામાજિક સમરસતા માટે અને સામાજિક સુરક્ષા માટે કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલાં પગલાં ઐતિહાસિક અને સરાહનીય છે. રેલવે બજેટમાં પણ વધારો કરવામાં આવ્યો છે અને રેલવેનું માળખું વધુ સુવિધાયુક્ત બનાવવાના તમામ પ્રયાસો હાથ ધરાશે. રેલવેમાં વાઈ-ફાઈ અને સી.સી.ટી.વી.ની વ્યવસ્થા ઊભી કરીને પેસેન્જરની સુરક્ષાને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું હતુ કે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ થકી નવી રોજગારીની તકો ઊભી થનાર છે તેના લાભો સમાજના દરેક વર્ગો તેમજ ક્ષેત્રોને મળશે. વરિષ્ઠ નાગરિકોને રાહત આપતી જોગવાઈઓ આ બજેટમાં કરવામાં આવી છે તે આવકારદાયક છે. આમ, આ બજેટ ખેડૂતલક્ષી, ગરીબલક્ષી, યુવાનલક્ષી, મહિલાલક્ષી, ગ્રામ્યલક્ષી, આરોગ્યલક્ષી અને વિકાસલક્ષી બજેટ છે.

**ગામ, ગરીબ, મહિલા અને ખેડૂતોને આગળ વધવાની તકોનું નિર્માણ કરતું બજેટ - કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખ માંડવિયા**



વર્ષ ૨૦૧૮-૧૯ માટે રજૂ થયેલ બજેટ બહુઆયામી અને લાંબા ગાળાની અસરો છોડી જનારું બની રહેશે. ગામ, ગરીબ, ખેડૂત, મહિલા અને ઉદ્યોગોની ચિંતા કરતું આ બજેટ પ્રગતિના નવા અવસરોનું નિર્માણ કરશે તેની સાથે જ લાંબા ગાળાની અસરો છોડી જશે તેવું કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે, શીપિંગ, કેમિકલ્સ અને ફર્ટિલાઈઝર્સ મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ જણાવેલ છે.

'ઇઝ ઓફ લીવિંગ'ને આધાર બનાવી બજેટ રજૂ કરી સરકારે દેશના જન-જન માટેની ચિંતાનો ચિતાર આપ્યો છે. આ બજેટમાં કરેલ ઘણા નિર્ણયો લાંબા ગાળાની અસરો ઊભી કરશે, જેમકે, ખેડૂતોને ખેતપેદાશ માટે દોઢગણા ભાવ આપવાની નીતિથી એક નવા અધ્યાયની શરૂઆત થઈ છે, તેની સાથે જ ખેતધિરાણની વધારેલી રકમથી ખેડૂતોને ખેતી કરવી આસાન બનશે. ગરીબોના સ્વાસ્થ્ય માટે કરવામાં આવેલ ચિંતા તથા ત્રણ લોકસભા દીઠ એક મેડિકલ કૉલેજોના નિર્માણ જેવા નિર્ણયોથી જાહેર સ્વાસ્થ્ય સુધરશે.

આ બજેટમાં MSME અને રોજગાર સર્જન પર ખાસ ભાર મૂકેલ છે. મહિલા નોકરિયાત માટે પી.એફ. માટે સરકારે વિશેષ સહયોગ આપીને મહિલા રોજગાર સર્જન કરવા માટે પ્રયત્ન કરેલ છે. ગામડામાં માળખાકીય અને પાયાની સુવિધા સાથે જ ઈન્ટરનેટ કનેક્ટિવિટી તથા રોડ કનેક્ટિવિટી સુધારવા કરેલ પ્રયત્નથી ગામડાંને આગળ વધારવાનો અસર મળી રહેશે. આ તમામની સાથે જ સરકારે નાણાકીય શિસ્તને આગળ વધારીને એક લાંબા ગાળાનું મજબૂત અર્થતંત્ર નિર્માણ કરવાની પ્રતિબદ્ધતા કાયમ રાખી છે.

હજાર કરોડનું ખાસ ફંડ તૈયાર કરાશે. • સૌભાગ્ય યોજના અંતર્ગત ૪ કરોડ ઘરોને વીજળી કનેક્શન આપવામાં આવશે. • અફોર્ડેબલ હાઉસિંગ હેઠળ ૫૧ લાખ ઘરો બાંધવામાં આવશે. • ૨ કરોડ શૌચાલય બનાવવામાં આવશે. • ૮ કરોડ ગરીબોને ગેસ કનેક્શન આપવામાં આવશે. • રૂા. ૧ લાખ કરોડના રોકાણ સાથે ૪ વર્ષમાં શિક્ષણક્ષેત્રમાં ઈન્ફ્રા. તૈયાર કરાશે. • નેશનલ લાઈવલીહૂડ મિશનમાં ૫૭.૫૦ અબજ રૂપિયા ખર્ચ કરવાનો પ્રસ્તાવ • ૨૩ અબજ રૂપિયા ખેતરોમાં સિંચાઈ માટે ખર્ચ કરાશે.

• દરેક ૩ સંસદીય વિસ્તારોમાં એક મેડિકલ કૉલેજ ખોલવામાં આવશે.

### ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે ૧૧૫ મોડલ જિલ્લા બનાવાશે

સરકાર દ્વારા ગામડાંઓમાં રહેતા લોકોની જીવનશૈલી સારી બને તે માટે ખાસ પ્રયાસો કરવામાં આવ્યા છે. ત્યારે કેન્દ્રીય નાણામંત્રી શ્રી અરુણ જેટલીજી દ્વારા લોકસભામાં બજેટ ૨૦૧૮ રજૂ કરાયું હતું, જેમાં નાણામંત્રીએ ગ્રામીણ લોકો માટે ગોબર-ધન (ગેલોઈન્કિંગ ઑર્ગેનિક બાયૉએગ્રો રિસોર્સ ફંડ) યોજનાની જાહેરાત કરાઈ હતી. આ યોજના અંતર્ગત ગોબર અને ખેતરોનો ઉપયોગ કરીને ખેતીમાં જરૂરિયાત પડતા પદાર્થો જેમ કે કંપોસ્ટ, બાયૉ-ગેસ અને બાયૉ-સીએનજીમાં બદલાવ લાવવામાં આવશે. શ્રી અરુણ જેટલીજીએ જણાવ્યા મુજબ, સમાજનિર્માણ હેઠળ સરકાર દ્વારા વિકાસ માટે ૧૧૫ જિલ્લાઓની ઓળખ કરવામાં આવી છે. આ જિલ્લાઓમાં સ્વાસ્થ્ય, શિક્ષા, પોષણ, ગ્રામીણ વિદ્યુતીકરણ, પાણી, શૌચાલય, સિંચાઈ વગેરે જેવામાં ફાળવવામાં આવશે જેથી ગામડાંઓને ઝડપી વિકસિત જોવા મળશે. આ ૧૧૫ જિલ્લાઓનો વિકાસના મૉડલ તરીકે પુરવાર થશે.

## ન્યુટ્રિશન મિશનનું બજેટ રૂા. ૯૫૦ કરોડથી વધીને ૩૦૦૦ કરોડ થયું

૨૦૧૮-૧૯ના નાણાકીય વર્ષના બજેટમાં નેશનલ ન્યુટ્રિશન મિશન ફંડમાં ત્રણગણો વધારો કરવામાં આવ્યો છે. ગત વર્ષે રાષ્ટ્રીય ન્યુટ્રિશન મિશન માટે ૯૫૦ કરોડ રૂપિયાનું બજેટ અપાયું હતું. આ વર્ષે બજેટની રકમ વધારીને ૩૦૦૦ કરોડ કરી દેવામાં આવી છે.

નેશનલ ન્યુટ્રિશન મિશન મહિલા અને બાળકલ્યાણ વિકાસ મંત્રાલય અંતર્ગત ચાલે છે. એ મિશન માટે ગત બજેટમાં ૯૫૦ કરોડ રૂપિયા ફાળવાયા હતા. એ બજેટ આ વર્ષે નાણામંત્રી શ્રી અરુણ જેટલીજીએ વધારીને ૩૦૦૦ કરોડ કરી દીધું છે. મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલય માટે ગત વર્ષે ૨૧,૨૩૬ કરોડનું બજેટ ફાળવાયું હતું. આ વર્ષે બજેટમાં વધારો કરવામાં આવ્યો હતો. ૨૦૧૮-૧૯ના નાણાકીય વર્ષ માટે એ બજેટ વધારીને ૨૪,૭૦૦ કરોડ રૂપિયા કરવામાં આવ્યું હતું. આંગણવાડી માટે નાણામંત્રી શ્રી અરુણ જેટલીજીએ ૧૬૩૩૪ કરોડ રૂપિયા ફાળવ્યા હતા. બેટી બચાવો-બેટી પઢાઓ માટે ૨૮૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવાયું હતું. ગત વર્ષે આ બજેટ ૨૦૦ કરોડ રૂપિયા હતું. નિર્ભયા ફંડમાં ૫૦૦ કરોડ આપવાની જાહેરાત કરાઈ હતી. ૨૦૧૩થી જાતીય સતામણીનો ભોગ

બનતી મહિલાઓના રક્ષણ માટે નિર્ભયા ફંડ ફાળવાય છે. અત્યાર સુધીમાં કુલ ૩૫૦૦ કરોડ આ યોજના પાછળ ફાળવાયા છે. ચાઈલ્ડ પ્રોટેક્શન માટે ૭૨૫ કરોડ રૂપિયા ફાળવ્યા હતા.

## શિક્ષણ માટે ૮૫,૦૧૦ કરોડ, ૭૦ લાખ નોકરી ઊભી કરાશે

આગામી નાણાકીય વર્ષમાં શિક્ષણ માટે ૮૫,૦૧૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે, જે પૈકી ૩૫,૦૧૦ કરોડ રૂપિયા ઉચ્ચ શિક્ષણ માટે અને ૫૦,૦૦૦ કરોડ રૂપિયા શાળા શિક્ષણ માટે ફાળવવામાં આવ્યા છે. બી.ટેકના ટોચના ૧૦૦૦ વિદ્યાર્થીઓને પીએચ.ડી. સુધી ભણવા માટે ફેલોશીપ આપવામાં આવશે. આ ઉપરાંત ૨૪ નવી મેડિકલ કૉલેજ પણ શરૂ કરવામાં આવશે.

શ્રી અરુણ જેટલીજીએ જણાવ્યું હતું કે અમે બાળકોને શાળા સુધી લઈ જવામાં સફળ રહ્યા છીએ પણ હજુ ગુણવત્તાયુક્ત શિક્ષણની અછત છે. વડોદરામાં એક વિશેષ રેલવે યુનિવર્સિટીની રચના કરાશે. તેમણે જાહેરાત કરી હતી કે ૨૦૨૨ સુધીમાં સરકાર 'રિવાઇટિલાઇઝિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ સિસ્ટમ્સ ઇન એજ્યુકેશન' શરૂ કરશે.

શ્રી જેટલીજીએ જણાવ્યું હતું કે ૨૦૨૨ સુધીમાં ૫૦ ટકા એસટીની વસ્તી અને લઘુતમ ૨૦,૦૦૦ આદિવાસી લોકોની વસ્તી ધરાવતા બ્લોકમાં નવોદય વિદ્યાલયની જેમ એકલવ્ય શાળા શરૂ કરવામાં આવશે. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઇઆઇટી) અને નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (એનઆઇટી) હેઠળ ૧૮ સ્કૂલ ઓફ પ્લાનિંગ એન્ડ આર્કિટેક્ચર શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત બે અલગ સંપૂર્ણ સુવિધાવાળી સ્કૂલ ઓફ પ્લાનિંગ એન્ડ આર્કિટેક્ચર શરૂ કરવામાં આવશે. ૨૦૨૦ સુધી નેશનલ ડેવલોપમેન્ટ સ્કીમ હેઠળ ૫૦ લાખ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવશે. ચાલુ નાણાકીય વર્ષમાં ૭૦ લાખ નવી નોકરીઓનું સર્જન કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. લઘુ અને મધ્યમ ઉદ્યોગ શરૂ કરવા માટેની લોનની મુદ્રા યોજનાનું ભંડોળ વધારી ત્રણ લાખ કરોડ કરવામાં આવ્યું છે.

●



## રોજગાર વર્ધક - કિસાન હિતકારી અને મહિલા સશક્તિકરણને મહત્ત્વ આપતું બજેટ - ભરત પંડ્યા

પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, ૨૦૧૮નું આમ બજેટ એ સર્વસ્પર્શી - સર્વવ્યાપી દરેક વર્ગ-ક્ષેત્ર અને વિસ્તારને આવરી લેતું લાભદાયક-સુખદાયક અને આવકારદાયક બજેટ છે. બજેટની જોગવાઈઓના કારણે દેશનું અર્થતંત્ર વેગવંતુ બનશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના Pro-poor, Pro-farmer, Pro-employment, Pro-village અભિગમને કારણે આજે દેશ માન-સન્માન અને ગૌરવ સાથે આગળ વધી રહ્યો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય નાણામંત્રીશ્રી અરુણ જેટલીજીને ઐતિહાસિક બજેટ માટે લાખ-લાખ અભિનંદન પાઠવ્યાં હતાં.

તેમણે જણાવ્યું હતું કે, ''મોદી કેયર - પબ્લિક હેલ્થ ઈઝ વેલ્થ''ના મંત્ર સાથે દેશના ૫૦ કરોડ લોકોને પાંચ લાખ રૂપિયાનું વીમા કવચ આપીને લોકોની આરોગ્ય જાળવણી અંગેની ચિંતા દૂર કરવા માટે એક ઐતિહાસિક નિર્ણય કેન્દ્ર સરકારે કર્યો છે. ભાજપાની કેન્દ્ર સરકાર એ સંવેદનશીલ સરકાર છે તે પ્રતિબિંબિત થાય છે. મુદ્રા યોજના અંતર્ગત ૩ લાખ કરોડ રૂપિયાની લોન આપવામાં આવશે જેના થકી સ્વરોજગારીના નવા અવસરો પેદા થશે અને ૭૦ લાખ નવી રોજગારીઓના અવસરો પેદા કરીને સરકારે દેશના યુવાનોને રોજગારી આપવાની પોતાની કટિબદ્ધતા દર્શાવી છે.

તેમણે જણાવ્યું હતું કે, રોજગારવર્ધક - કિસાન હિતકારી અને મહિલા સશક્તિકરણને મહત્ત્વ આપતું બજેટ છે, ભાજપા સરકારે ફરી એક વખત ગરીબ અને મધ્યમ વર્ગની પડખે ઊભા રહેવાની પ્રતીતિ કરાવી છે. ગરીબ, ખેડૂત અને ગામડાંને મહત્ત્વ આપવામાં આવ્યું છે, ૮ કરોડ મહિલાને ગેસ કનેક્શન આપવાની વાત હોય, ૦૨ કરોડ નવાં શૌચાલયના નિર્માણની વાત હોય, ૪ કરોડ પરિવારોને નવાં વીજજોડાણની વાત હોય, ગ્રામ્ય વિસ્તારમાં નવાં ૫૧ લાખ ઘર બનાવવાની વાત હોય, ૧૦૦ નવાં સ્માર્ટ સીટી બનાવવાની વાત હોય, ૫ લાખ નવાં બ્રોડબેન્ડ કનેક્શન આપવાની વાત હોય, કૃષિ ઉત્પાદનના ભાવમાં મીનીમમ સપોર્ટ પ્રાઇઝની વાત હોય, ઓપરેશન ગ્રીન અંતર્ગત ખેડૂત ઉત્પાદનને મૂલ્યવર્ધિત કરવાની વાત હોય, ૭૦૦ જિલ્લાઓમાં ૨૨,૦૦૦ ગ્રામીણ ઉત્પાદન વ્યાપાર કેન્દ્રો ખોલવાની વાત હોય, સરકારે દરેક મોરચે પ્રતિબદ્ધતાથી આગળ વધી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભારતમાલા, સાગરમાલા પ્રોજેક્ટ થકી દેશનું આંતરિક પરિવહન જોડાણ મજબૂત અને ઝડપી બનશે જેથી વિકાસની ગતિ તેજ બનશે. ૩ લાખ કિલોમીટર સડકનું નિર્માણકાર્ય, ૬૦૦ રેલવે સ્ટેશનોનું આધુનીકરણ, ૧૬ નવાં એરપોર્ટો બનાવી પરિવહનને ઝડપી બનાવાશે. તેમણે અંતમાં જણાવ્યું હતું કે, સરકારે ગામડાં અને ખેડૂતને સુખી-સમૃદ્ધ કરવા માટે કરેલા નિર્ણયો અભિનંદનીય છે. આમ, દેશનું અર્થતંત્ર મજબૂત થશે. ગરીબ, ખેડૂત, ગામડું સમૃદ્ધ થશે.

## મુખ્યમંત્રીશ્રીનો યુવાલક્ષી સંવેદનશીલ નિર્ણય



# રાજ્યના જરૂરતમંદ અનાથ-વિધવા માતાનાં સંતાનો-દિવ્યાંગો-લશ્કર-પોલીસના શહીદ જવાનોનાં સંતાનોને ઉચ્ચ અભ્યાસ માટે રૂ. પાંચ લાખની સહાય સરકાર આપશે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના જરૂરતમંદ હોનહાર વિદ્યાર્થીઓ-યુવાઓને આર્થિક સ્થિતિ-નાણાંના અભાવે ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહેવું પડે તે માટે એક મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, જરૂરતમંદ અનાથ બાળકો, યુવાઓ વિધવા માતાનાં સંતાનો, દિવ્યાંગો તેમજ સેના-પોલીસના શહીદ જવાનોના સંતાનોને ઉચ્ચ શિક્ષણ માટે વધુમાં વધુ રૂ. પાંચ લાખની સહાય રાજ્ય સરકાર આપશે. આવાં ૨૫૦૦ જેટલા વિદ્યાર્થીઓને તેનો પ્રતિ વર્ષ લાભ મળશે તેમ તેમણે જાહેર કર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદમાં યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટર ખાતે રાજ્યના શિક્ષણ વિભાગ આયોજિત ગ્રાન્ડ એજ્યુકેશન ફેરનો પ્રારંભ કરાવ્યો હતો.

આ ત્રિદિવસીય ફેરમાં ૮૪ હજાર ઉપરાંત યુવા વિદ્યાર્થીઓ કારકિર્દી ઘડતર વિષયક માર્ગદર્શન મેળવશે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ આ એજ્યુકેશન ફેરને ડેમોગ્રાફિક ડિવિડન્ડ સમી યુવાશક્તિ માટે શિક્ષણ-કારકિર્દી ઘડતરનું સમુદ્ર મહામંથન અવસર ગણાવ્યો હતો.

તેમણે કહ્યું કે, કારકિર્દી-નિર્માણનો મહત્ત્વનો સ્તંભ શિક્ષણ છે અને ૧૦મા ૧૨મા ધોરણથી જ આજનો યુવાન કારકિર્દી વિશે ગંભીરતાથી વિચારતો થઈ ગયો છે. વાલીઓની પણ જે સમયાનુકૂલ ચિંતા પોતાના સંતાનના ભવિષ્યની કારકિર્દીની છે તેમાં રાજ્ય સરકાર આવા એજ્યુકેશન ફેર યોજીને પૂરક બનીને ઊભી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ‘C ફોર કૉલેજ સાથે હવે C ફોર કેરિયરનો સમય પણ છે’ તેની પ્રેરણા આપતાં કહ્યું કે, યુવાશક્તિમાં સ્કીલ-વીલ-ઝિલ ત્રણેય પડેલાં છે તેને યોગ્ય દિશાદર્શન આપી મંઝિલ સુધી પહોંચાડવાનું કામ આવા ફેર થકી સરકાર કરી રહી છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ યુવાશક્તિને વૈશ્વીકરણ અને સ્પર્ધાત્મકતાના આ યુગમાં આધુનિક પ્રવાહો-સ્કીલ ડેવલપમેન્ટ અને ઈનોવેશન્સ સાથે કદમ મિલાવવાની આવશ્યકતા સમજાવી હતી.

તેમણે ગુજરાતના યુવા વિદ્યાર્થીઓને આવડત-કૌશલ્ય જ્ઞાનનો વિશ્વામિત્ર બની પોતાના જ્ઞાન-સામર્થ્યથી વિશ્વમિત્ર બનવા કમર કસે તેવું પ્રેરક આહ્વાન કર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ યુવાશક્તિ માટે જ્ઞાન-સંપદાના અનેક અવસરોને સ્કાય ઈઝ ધ લિમિટ ગણાવતાં ઉમેર્યું કે ‘ટીચિંગ હેઝ લિમિટ-લર્નિંગ હેઝ નોટ’ શિક્ષણની મર્યાદા હોય છે, પરંતુ શીખવાની કોઈ મર્યાદા નથી.

તેમણે યુવા પેઢીને મેડિકલ, ઈજનેરી, પેરા મેડિકલ જેવા ઉચ્ચ અભ્યાસક્રમોમાં સેલ્ફ ફાઈનાન્સ ઈન્સ્ટિટ્યૂટની ફીમાં જરૂરતમંદ યુવાનોની ૫૦ ટકા ફી રાજ્ય સરકાર મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના તહેત આપે છે તેની વિશેષતા જણાવતાં ઉમેર્યું કે રાજ્ય સરકાર દર વર્ષે આ માટે અંદાજે રૂ. ૮૦૦ કરોડ રૂપિયાની સહાય પૂરી પાડે છે.

### રૂ.૪૮ કરોડ ૫૩ લાખના ખર્ચે ધોળકા-વટામણ રોડને પહોળો કરી વધુ મજબૂત કરાશે

**ધોળકા તાલુકામાં છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન આ વિસ્તારના પ્રતિનિધિ અને રાજ્ય સરકારના વરિષ્ઠ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના સતત પ્રયાસો અને રાજ્ય સરકારના લોકાભિમુખ અભિગમના પરિણામે અનેક વિસ્તારોમાં રસ્તાઓના કામને મંજૂરી મળી છે અને રૂા. ૭૬૧ કરોડનાં રસ્તાઓનાં કામો છેલ્લાં પાંચ વર્ષમાં પૂર્ણ થયાં છે. આ રસ્તાઓ ઉપરાંત જાન્યુઆરીના અંતમાં માર્ગ અને મકાન વિભાગે સેન્ટ્રલ રોડ ફંડ (સી.આર.એફ.) ૨૩ કિલોમીટરની લંબાઈના ધોળકા-વટામણ રોડને પહોળા તથા વધુ મજબૂત કરવાના નવા કામને રૂા.૪૮ કરોડ ૫૩ લાખના ખર્ચે મંજૂરી આપી છે. આ રસ્તાના કામને મંજૂર કરી જોબ નંબર પણ ફાળવી દેવાયેલ છે અને તેની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવા માટે સૂચના પણ આપી દેવાઈ છે.**



# રાજ્યના કિસાનોને રવી પાક માટે તથા નાગરિકોને ઉનાળા દરમ્યાન પીવાનું પાણી પૂરતું મળી રહે તે માટે નર્મદા ડેમનું પાણી ઉપલબ્ધ





નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજ્યના ૬ કરોડથી વધુ નાગરિકોને પીવાનું પાણી પૂરું પાડવું તે રાજ્ય સરકારની પ્રાથમિકતા રહી છે. નર્મદા યોજના ગુજરાતની જીવાદોરી છે. ચાલુ વર્ષે મધ્યપ્રદેશમાં થયેલ ઓછા વરસાદના પરિણામે મધ્યપ્રદેશના બાર્ગી, તવા, ઈન્દિરાસાગર જેવા મોટા ડેમમાં પાણીની આવક ઓછી થવાથી સરદાર સરોવર ડેમમાં પાણી ઓછું આવ્યું છે, જેના પરિણામે કિસાનોને રવી પાક માટે ૧૫ માર્ચ સુધી સિંચાઈ માટે પાણી આપવાની જાહેરાત અગાઉ રાજ્ય સરકારે કરી છે. તેમજ ઉનાળા દરમ્યાન રાજ્યના નાગરિકોને પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી મળી રહે તે માટે નર્મદા ડેમમાં પૂરતું પાણી ઉપલબ્ધ છે.

નાયબ મુખ્યમંત્રીશ્રી પટેલે ઉમેર્યું કે, સરદાર સરોવર બંધનો સ્ત્રાવ વિસ્તાર ૯૭.૫% મધ્યપ્રદેશમાં આવેલો છે, જ્યાં ચાલુ સાલે ખૂબ ઓછો વરસાદ થતાં ગત વર્ષની સરખામણીએ બાર્ગીમાં ૩૦૧ મિલિયન ઘન મીટર, તવામાં ૫૨૧, ઈન્દિરા સાગરમાં ૫૭૫૯ મિલિયન ઘન મીટર પાણીનો ઓછો સંગ્રહ થયેલ છે. સરદાર સરોવર બંધનું કામ પૂર્ણ કરી દરવાજા લગાડી બંધ કરવાના કારણે આ ડેમમાં ચોમાસાના અંતે ગતવર્ષની સરખામણીએ ૧૫૩૩ મિલિયન ઘન મીટર પાણી વધુ સંગ્રહ કરી શકાયું પરંતુ બીજી બાજુ મધ્યપ્રદેશના મોટા, મધ્યમ તથા નાના બંધો અને તે ઉપરાંત બિન-ચોમાસુ સમયગાળામાં મળતાં ઝરણાંઓના પાણીમાં ઘટાડો થતાં એકંદરે પાણીની ઉપલબ્ધતા સામાન્ય રીતે ૨૮ મિલિયન એકર ફીટની સાપેક્ષમાં ૧૪.૬૫ મિલિયન એકર ફિટ આકારવામાં આવેલ છે.

## ગુજરાતમાં પીવાના પાણીનું જળસંકટ ટળ્યું

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ નવી દિલ્હીમાં મળેલી નર્મદા કન્ટ્રોલ ઓથોરિટીની બેઠકમાં ગુજરાતને પીવાના પાણી માટે સિપેજ અને ડેડ વોટરની ફાળવણી નર્મદામાંથી કરવાની મંજૂરી આપવા અંગે આભાર વ્યક્ત કર્યો છે. તેમણે આ સંદર્ભમાં જણાવ્યું કે, આ પરવાનગી મળતાં રાજ્યમાં પીવાના પાણીનું સંકટ ટળી ગયું છે.

નર્મદા આધારિત પાણી મેળવતાં ૧૦ હજાર જેટલાં ગામો અને ૧૬૭ નગરને આના પરિણામે ૩૧ જુલાઈ, ૨૦૧૮ સુધી પીવાના પાણીની કોઈ સમસ્યા રહેશે નહીં, તેમ તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના હિતના આ નિર્ણય માટે સંબંધિત રાજ્યો રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રીઓનો પણ આભાર માન્યો છે.

- **નર્મદા ડેમમાંથી પાણીના વિતરણનો કાપ મૂકવાનો હોય ત્યારે પ્રથમ ઉદ્યોગો પર જ મુકાય છે : ઉદ્યોગોને વાર્ષિક ૦.૨૦ મિલિયન એકર ફિટ સામે માત્ર ૦.૦૬ મિલિયન એકર ફિટ પાણી અપાય છે**
- **૧૫મી માર્ચ ૨૦૧૮ સુધી શિયાળુ પાક માટે ખેડૂતોને પાણી આપવાની જાહેરાત રાજ્ય સરકારે અગાઉ કરી જ છે.**

આના પરિણામે તમામ ભાગીદાર રાજ્યોના પાણીના જથ્થામાં ઘટાડો થયો છે અને ગુજરાતને ફાળે સપ્રમાણ ૯ મિલિયન એકર ફિટની બદલે ૪.૭૧ મિલિયન એકર ફિટ ફાળવણી થઈ છે. મધ્યપ્રદેશના મોટા બંધોમાં પાણીનો સંગ્રહ ઓછો હોઈ સામાન્ય રીતે તે બંધોમાં વીજ ઉત્પાદન પછી સરદાર સરોવરમાં આ સમયગાળા દરમ્યાન ૧૨,૦૦૦ થી ૧૮,૦૦૦ ક્યુસેક આવરો રહેતો હોય છે. તેની સરખામણીએ ચાલુ વર્ષે ૧૦૦૦ થી ૩૦૦૦ ક્યુસેકનો પાણીનો આવરો રહ્યો છે, જેના પરિણામે રાજ્યના નાગરિકો અને ખેડૂતોને આગામી સમયમાં પાણીની કોઈ તકલીફ ન પડે તે માટે રાજ્ય સરકાર દ્વારા સઘન આયોજન કરાયું છે.

હેમત ગોહિલ (જામનગર)



## વન નેશન - વન ઇલેક્શન

# લોકસભા-વિધાનસભાઓની ચૂંટણીઓ એકસાથે યોજવી જોઈએ - શ્રી નરેન્દ્રભાઈ મોદી

*ભારત દુનિયામાં સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ છે. અન્ય અનેક પ્રકારની શાસનપ્રણાલીમાં લોકશાહી શ્રેષ્ઠ શાસનપ્રણાલી છે. લોકશાહી સ્થાયી પદ્ધતિમાં ચૂંટણી અને મતદાન ખૂબ જ અગત્યની અને નિર્ણાયક બાબત બની રહે છે. ચૂંટણીઓ લોકશાહીનો પ્રાણ છે તો મતદાન પ્રજામતનો ધબકાર છે. ભારત જેવા વિશાળ દેશમાં યોજાતી ચૂંટણીઓને વિશ્વભરના લોકોએ વખાણી છે. ભારતનું સ્વાયત્ત ચૂંટણીપંચ શિસ્તબદ્ધ, નિયમબદ્ધ, નિષ્પક્ષ અને તટસ્થપણે ચૂંટણીઓ યોજી લોકશાહીનાં મૂલ્યોને તંદુરસ્ત અને જીવંત રાખે છે. જો કે લોકશાહી શાસનપદ્ધતિમાં ચૂંટણીઓના જેટલા લાભો છે તેમ તેના થોડા ગેરલાભો પણ છે અને થોડી મર્યાદાઓ પણ છે. આ મર્યાદાઓથી જેટલા ઉપર ઊઠી શકાય તેટલા પ્રમાણમાં લોકતંત્ર વધુ મજબૂત બને. આવી જ એક મર્યાદા દેશભરમાં યોજાતી વારંવાર ચૂંટણીઓ અંગેની છે. આ મર્યાદા દૂર કરવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણીઓ એકસાથે યોજવા વિચારણા કરવા હાકલ કરી છે.*

### શ્રી નરેન્દ્રભાઈ મોદીનો ક્રાંતિકારી વિચાર 'વન નેશન - વન ઇલેક્શન'

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હમણાં થોડા સમય પહેલાં જ એક ટી.વી. ચેનલને ઈન્ટરવ્યુ આપતાં જણાવ્યું હતું કે, દેશમાં દર ચાર-છ મહિને કોઈ ને કોઈ રાજ્યમાં કોઈ ને કોઈ ચૂંટણી આવતી જ રહે છે, જેની પાછળ દેશના મહામૂલા સમય, શક્તિ અને નાણાંનો વ્યય થાય છે. દેશના ક્લાસ વન અધિકારીઓ સતત બારેમાસ ચૂંટણી કાર્યમાં વ્યસ્ત રહેતા હોય છે. તેઓના પોતાના વિભાગના અગત્યનાં વહીવટી કાર્યો ખોરંભે ચડી જાય છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, મેં હાલમાં જ ગુજરાત રાજ્યના ચૂંટણીપ્રવાસમાં જોયું કે સચિવ જેવા ઉચ્ચ કક્ષાના ચૂંટણી ઓબ્ઝર્વર ૫૦-૫૦ દિવસ સુધી ચૂંટણી કામગીરીમાં વ્યસ્ત રહે છે. એક રાજ્યમાં ૪૦થી ૫૦ અધિકારીઓ ૫૦ દિવસ સુધી રાજ્યમાં ચૂંટણીકાર્યમાં વ્યસ્ત રહે છે. એક રાજ્યમાં ચૂંટણી પૂરી થાય કે તુરત બીજા રાજ્યમાં ચૂંટણી ચાલુ થાય. અધિકારીઓ લગભગ બારેમાસ ચૂંટણીકાર્યમાં લાગેલા રહે છે. ચૂંટણીની આ મર્યાદા દૂર થવી જોઈએ. દેશમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એકસાથે યોજવા વિચારણા થવી જોઈએ. જેમ આપણે હોળીના એક જ દિવસે હોળી રમી લઈએ પછી છેક બીજી હોળીએ રમવાનું. હું તો માનું છું કે એક ચૂંટણી પૂરી થાય એટલે આગલી ચૂંટણીની તારીખ પણ નક્કી થઈ જવી જોઈએ.

શ્રી નરેન્દ્રભાઈના દેશમાં એકસાથે ચૂંટણીઓ યોજવી જોઈએ એવા ક્રાંતિકારી વિચારને આવકારી વિચારકોએ અને લોકોએ વિચારણા ચાલુ કરી દીધી છે.

### આઝાદી બાદ થોડાં વર્ષો ચૂંટણીઓ સાથે યોજાઈ હતી

આઝાદી બાદ શરૂઆતનાં વર્ષોમાં નિર્વિઘ્ને લોકસભા અને દેશનાં રાજ્યોની ચૂંટણીઓ એકસાથે યોજાઈ હતી. જો કે આ માટે કોઈ બંધારણીય બંધન નહોતું, પરંતુ સુવિધા માટે આવી ચૂંટણીઓ યોજાતી હતી. સન ૧૯૫૨ની પહેલી સામાન્ય ચૂંટણી અને રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓ સાથે યોજાઈ હતી. આ ચૂંટણીઓ સાથે યોજવાની પરંપરા લગભગ ૧૫ વર્ષ સુધી ટકી રહી પરંતુ એ પછી આ વ્યવસ્થા ટકી નહીં. પણ હવે સમયની માગ છે કે આ વ્યવસ્થા ફરી અમલમાં મૂકવી જોઈએ.

### વારંવાર યોજાતી ચૂંટણીઓની મર્યાદાઓ

દર ચાર-છ મહિને કોઈ ને કોઈ રાજ્યમાં ચૂંટણીઓ આવ્યા જ કરે છે. કેટલાંક રાજ્યમાં સમયમર્યાદા પૂરી થતી હોય એટલે ચૂંટણી હોય અથવા કેટલાંક રાજ્યોમાં રાજકીય અસ્થિરતાના કારણે હોય. આ રીતે છાશવારે ચૂંટણીઓ યોજવાના અનેક ગેરફાયદા છે. એક તો ચૂંટણી સમયે લાગુ કરવામાં આવતા

આદર્શ આચારસંહિતાના કારણે સત્તાધારી પક્ષ અને વિરોધ પક્ષોનું ધ્યાન યેનકેન પ્રકારે ચૂંટણી જીતવામાં જ લાગી જાય છે. આચારસંહિતાના કારણે યોગ્ય નીતિઓ ઘડવામાં અને અમલ કરવામાં અડચણો આવે છે. દેશનો મહામૂલો સમય, ધન અને શક્તિ વેડફાય છે. એક અંદાજ અનુસાર આ રીતે અવારનવાર યોજાતી ચૂંટણીઓને કારણે સરકારના પાંચ વર્ષના કાર્યકાળમાં આશરે ત્રણસોથી વધારે દિવસો આદર્શ આચારસંહિતામાં વેડફાઈ જાય છે. જેનું નુકસાન સરવાળે તો દેશને જ થાય છે. વારંવાર યોજાતી ચૂંટણીઓને કારણે કાળાં નાણાંનો ઉપયોગ પણ વ્યાપક પ્રમાણમાં થાય છે જેના કારણે ભ્રષ્ટાચાર વિરોધી અભિયાનને ફટકો પડે છે.

## એકસાથે ચૂંટણીઓ યોજવાના ફાયદા

દેશમાં લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણીઓ એકસાથે યોજવાના અનેક ફાયદાઓ છે. સૌથી મોટો ફાયદો તો એ છે કે એકસાથે ચૂંટણી યોજવાથી આશરે ૪૫૦૦ કરોડ રૂપિયાની જંગી બચત શક્ય બનશે. આ બચત પાછી જુદા જુદા સ્તરે થશે. જો બંને ચૂંટણીઓ સાથે યોજાય તો આ કામ એક જ ખર્ચમાં પૂરું થઈ જશે. બંને ચૂંટણીઓ યોજવા માટે જુદી જુદી વ્યવસ્થા નહીં ગોઠવવી પડે. આમ કરવાથી દેશના સંસાધનોમાં બચત થશે. ચૂંટણી સમયે સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં જે સુરક્ષા દળો ગોઠવવાં પડે છે તેમને એક જ વખત ગોઠવવાની જરૂર પડશે. આમ થવાથી સુરક્ષા દળોને ચૂંટણી સિવાયનાં અન્ય જરૂરી કામોમાં લગાડી શકાશે.

એક સાથે ચૂંટણી યોજવામાં રાજકીય પક્ષોને પણ ખર્ચમાં મોટો ફાયદો થશે. ચૂંટણીઓ માટે અલગ અલગ ખર્ચ કરવાની જરૂર નહીં પડે. લોકસભા અને વિધાનસભા બંને ચૂંટણીઓ માટે રાજકીય પક્ષોને પ્રચાર માટે સમાન આયોજન શક્ય બનશે. સમાન રેલીઓ, સમાન સભાઓ અને સમાન લોકસંપર્ક કરી શકાશે.

એક સાથે ચૂંટણીઓ યોજવાનો સૌથી મોટો ફાયદો એ પણ થશે કે મતદાનની ટકાવારીમાં વધારો નોંધાશે. વારંવાર મત આપવા જવા કરતાં જો પાંચ વર્ષમાં એકવાર જ મતદાન કરવાનું થાય તો લોકો તેની ગંભીરતા સમજતા થશે. વતનથી દૂર હોય તેવા લોકો પણ પાંચ વર્ષમાં એકવાર મતદાન કરવા વતનમાં આવી જશે. આમ લોકો મતદાનની જવાબદારી સમજીને ચૂંટણીપ્રક્રિયામાં ભાગ લેવા જશે.

## એક મત દીઠ રૂપિયા ૨૫નો ખર્ચ

ચૂંટણી પાંચ વર્ષે આવે છે એવું કહેવામાં આવે છે પરંતુ હકીકતમાં પાંચ વર્ષમાં સરેરાશ પાંચ વાર મતદાતાના ભાગે મતદાન કરવાનું આવે છે, જેમ કે લોકસભા, વિધાનસભા, મહાનગરપાલિકા, પાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત. ક્યારેક પેટાચૂંટણી પણ આવી પડે. આજે ‘વન નેશન-વન ઈલેક્શન’ની વિચારણા ચાલી રહી છે ત્યારે ચૂંટણીખર્ચની વિગત જાણવી રસપ્રદ થઈ પડશે. ચૂંટણી પંચની માહિતી મુજબ લોકસભા અને વિધાનસભા અને સ્થાનિક સ્વરાજ ચૂંટણી પ્રમાણે એક મતદાનદીઠ ખર્ચ રૂા. ૧૭ થી ૨૫ જેટલો થવા જાય છે. લોકસભા અને વિધાનસભાની ચૂંટણી પેટર્ન લગભગ એકસરખી હોય છે. સામાન્ય રીતે હાલના સમયમાં આવી ચૂંટણીમાં એક બુથ દીઠ રૂા. ૨૫થી ૩૦ હજાર સુધીનો ખર્ચ થાય છે.

## ક્રાંતિકારી વિચારનો વિપક્ષ દ્વારા તર્કહીન વિરોધ

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રહિતમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ સાથે યોજવા સૌ કોઈને વિચારવા અપીલ કરી છે. અને ક્રાંતિકારી નિર્ણય લેવા આહ્વાન કરેલ છે ત્યારે વિપક્ષો વગર વિચાર્યે તેની ટેવ મુજબ રુટિન વિરોધ કરેલ છે. તેઓનું કહેવું છે કે હાલની કાયદાકીય અને બંધારણીય રીતે આમ કરવું શક્ય નથી. ડાબેરીઓના મતે કલમ ૩૫૬ અનુસાર કેન્દ્ર સરકાર ગમે ત્યારે રાજ્યની ચૂંટાયેલી સરકારને બરખાસ્ત કરવાની સત્તા ધરાવે છે તો એ સંજોગોમાં એકસાથે ચૂંટણીઓ કેવી રીતે યોજી શકાય? વિપક્ષ એવી દલીલ પણ કરે છે કે ચૂંટણીઓ યોજવી એ વિધાનસભાનું કામ છે, નહીં કે ચૂંટણીપંચનું.

આ બધી તર્કહીન દલીલો દ્વારા એક ઉમદા અને ક્રાંતિકારી પગલાનો વિરોધ કરવો કેટલો ઉચિત છે? સૌ સાથે બેસી દેશહિતમાં નિર્ણય લેવો જોઈએ. આ નિર્ણય લેવામાં આડે આવતા તમામ અવરોધો સર્વસંમતિ અને પુખ્ત વિચારણા કરીને દૂર કરવા જોઈએ. રાષ્ટ્રહિતમાં એક સાથે ચૂંટણીઓ યોજવાનો શ્રી નરેન્દ્રભાઈ મોદીનો વિચાર આવશ્યક, આવકારદાયક અને અનિવાર્ય છે. માત્ર નરેન્દ્રભાઈએ વિચાર વહેતો કર્યો છે એટલે તેમનો વિરોધ કરવો તે વાત રાષ્ટ્રહિતમાં નથી. ●

# મન કી બાત



**ભારતમાં આજે મહિલાઓ દરેક ક્ષેત્રમાં ઝડપથી આગળ વધી રહી છે અને દેશનું ગૌરવ વધારી રહી છે**

મારા પ્રિય દેશવાસીઓ, નમસ્કાર. ૨૦૧૮ની આ પહેલી 'મન કી બાત' છે અને બે દિવસ પહેલાં જ આપણે ગણતંત્ર પર્વને બહુ જ ઉત્સાહ સાથે મનાવ્યો અને ઇતિહાસમાં પહેલી વાર એવું બન્યું કે ૧૦ દેશોના વડા આ સમારોહમાં ઉપસ્થિત રહ્યા.

મારા પ્રિય દેશવાસીઓ, શ્રીમાન પ્રકાશ ત્રિપાઠીએ NarendraModiApp પર એક લાંબો પત્ર લખ્યો છે અને મને બહુ આગ્રહ કર્યો છે કે હું તેમના પત્રમાં લખવામાં આવેલા વિષયોને સ્પર્શું. તેમણે લખ્યું છે કે ૧ ફેબ્રુઆરીએ અંતરીક્ષમાં જનારાં કલ્પના ચાવલાની પુણ્યતિથિ છે. કૉલંબિયા અંતરીક્ષ યાન દુર્ઘટનામાં તેઓ આપણને છોડીને ચાલ્યાં ગયાં પરંતુ દુનિયાભરના લાખો યુવાનોને પ્રેરણા આપી ગયાં. હું ભાઈ પ્રકાશજીનો આભારી છું કે તેમણે પોતાના લાંબા પત્રની શરૂઆત કલ્પના ચાવલાની વિદાયથી કરી છે. બધા માટે એ દુ:ખની વાત છે કે આપણે કલ્પના ચાવલાને આટલી નાની ઉંમરમાં ગુમાવી દીધાં પરંતુ તેમણે પોતાના જીવનથી સમગ્ર વિશ્વમાં, ખાસ કરીને ભારતની હજારો યુવતીઓને એ સંદેશ આપ્યો કે નારીશક્તિ માટે કોઈ સીમા નથી. ઇચ્છા અને દૃઢ સંકલ્પ હોય, કંઈક કરવાની તીવ્ર ઇચ્છા હોય તો કંઈ પણ અસંભવ નથી. એ જોઈને ઘણો આનંદ થાય છે કે ભારતમાં આજે મહિલાઓ દરેક ક્ષેત્રમાં ઝડપથી આગળ વધી રહી છે અને દેશનું ગૌરવ વધારી રહી છે.

પ્રાચીન કાળથી આપણા દેશમાં મહિલાઓનું સન્માન, તેમનું સમાજમાં સ્થાન અને તેમનું યોગદાન, તે પૂરી દુનિયાને અચંબિત કરતું આવ્યું છે. ભારતીય વિદુષીઓની લાંબી પરંપરા રહી છે. વેદોની ઋચાઓ રચવામાં ભારતની ઘણીબધી વિદુષીઓનું યોગદાન રહ્યું છે. લોપામુદ્રા, ગાર્ગી, મૈત્રેયી, અનેક નામો છે. આજે આપણે 'બેટી બચાઓ - બેટી પઢાઓ'ની વાત કરીએ છીએ પરંતુ સદીઓ પહેલાં આપણાં શાસ્ત્રોમાં, સ્કન્દપુરાણમાં કહેવામાં આવ્યું છે :

**દશપુત્ર સમાકન્યા, દશપુત્રાન પ્રવર્ધયન્ ।**
**યત્ ફલં લભતેમર્ત્ય, તત્ લભ્યં કન્યકૈકયા ॥**

અર્થાત્, એક દીકરી દસ દીકરા બરાબર છે. દસ દીકરાઓથી જેટલું પુણ્ય મળશે તેટલું જ પુણ્ય એક દીકરીથી મળશે. આ આપણા સમાજમાં નારીના મહત્ત્વને દર્શાવે છે અને ત્યારે જ તો, આપણા સમાજમાં નારીને 'શક્તિ'નો દરજ્જો આપવામાં આવ્યો છે. આ નારી શક્તિ સમગ્ર દેશને, સમગ્ર સમાજને, પરિવારને, એકતાના સૂત્રમાં બાંધે છે. ચાહે વૈદિક કાળની વિદુષીઓ લોપામુદ્રા, ગાર્ગી, મૈત્રેયીની વિદ્વત્તા હોય કે અક્કા મહાદેવી અને મીરાબાઈનું જ્ઞાન અને ભક્તિ હોય, ચાહે અહલ્યાબાઈ હોલકરની શાસન-વ્યવસ્થા હોય કે રાણી લક્ષ્મીબાઈની વીરતા, નારીશક્તિ હંમેશાં આપણને પ્રેરિત કરતી આવી છે. દેશનું માન-સન્માન વધારતી આવી છે.

શ્રીમાન પ્રકાશ ત્રિપાઠીએ આગળ ઘણાં બધાં ઉદાહરણ આપ્યાં છે. તેમણે લખ્યું છે કે આપણાં સાહસિક સંરક્ષણ પ્રધાન નિર્મલા સીતારમણે લડાકુ વિમાન 'સુખોઈ ૩૦'માં ઉડાન ભરી તે પ્રેરણાદાયક છે. વર્તિકા જોશીના નેતૃત્વમાં ભારતીય નૌસેનાની મહિલા

ક્રુ મેમ્બર્સ આઈએનએસવી તરિણી પર સમગ્ર વિશ્વની પરિક્રમા કરી રહ્યાં છે તેનો પણ તેમણે ઉલ્લેખ કર્યો છે. ત્રણ બહાદુર મહિલાઓ ભાવના કંઠ, મોહના સિંહ અને અવની ચતુર્વેદી ફાઈટર પાઈલૉટ બની છે અને સુખોઈ-૩૦માં પ્રશિક્ષણ લઈ રહી છે. ક્ષમતા વાજપેયીના નેતૃત્વમાં ઓલ વીમેન ક્રુએ દિલ્લીથી અમેરિકાના સાન ફ્રાન્સિસ્કો અને પરત દિલ્લી સુધી ઍર ઈન્ડિયા બૉઈંગ જેટમાં ઉડાન ભરી - અને બધી પાછી મહિલાઓ. તમે બિલકુલ સાચું કહ્યું - આજે નારી દરેક ક્ષેત્રમાં ન માત્ર આગળ વધી રહી છે, પરંતુ નેતૃત્વ પણ કરી રહી છે. આજે અનેક ક્ષેત્ર એવાં છે જ્યાં સૌથી પહેલાં, આપણી નારીશક્તિ કંઈક કરીને દેખાડી રહી છે. એક સીમાચિહ્ન અંકિત કરી રહી છે. ગત દિવસોમાં માનનીય રાષ્ટ્રપતિજીએ એક નવી પહેલ કરી.

રાષ્ટ્રપતિજીએ તે અસાધારણ મહિલાઓના એક ગ્રૂપની મુલાકાત કરી જેમણે પોતપોતાના ક્ષેત્રમાં સૌથી પહેલાં કંઈક કરીને દેખાડ્યું. દેશની આ વીમેન અચિવર્સ, પહેલી મહિલા મર્ચન્ટ નેવી કેપ્ટન, પેસેન્જર ટ્રેનની પહેલી મહિલા ટ્રેન ડ્રાઈવર, પહેલી મહિલા ફાયર ફાઈટર, પહેલી મહિલા બસ ડ્રાઈવર, એન્ટાર્કિટકા પહોંચનારી પહેલી મહિલા, એવરેસ્ટ પર પહોંચનારી પહેલી મહિલા, આ રીતે દરેક ક્ષેત્રની 'ફર્સ્ટ લેડિઝ'. આપણી નારીશક્તિઓએ સમાજના રૂઢિવાદને તોડીને અસાધારણ સિદ્ધિઓ હાંસલ કરી છે, એક કીર્તિમાન સ્થાપિત કર્યો છે. તેમણે એ દર્શાવ્યું કે આકરી મહેનત, લગન અને દૃઢ સંકલ્પના બળ પર તમામ વિઘ્નો અને અડચણોને પાર કરીને એક નવો માર્ગ તૈયાર કરી શકાય છે. એક એવો માર્ગ જે માત્ર પોતાના સમકાલીન લોકોને જ નહીં, પરંતુ આવનારી અનેક પેઢીઓને પણ પ્રેરિત કરશે. તેમને એક નવા જોશ અને ઉત્સાહથી ભરી દેશે. આ વીમેન એચિવર, ફર્સ્ટ લેડિઝ પર એક પુસ્તક પણ તૈયાર કરવામાં આવ્યું છે, જેથી આખો દેશ આ નારીશક્તિઓ વિશે જાણી શકે, તેમના જીવન અને તેમનાં કાર્યોમાંથી પ્રેરણા લઈ શકે. તે NarendraModi website પર પણ e-bookના રૂપમાં પ્રાપ્ય છે.

## પરિવર્તનમાં દેશની નારીશક્તિની મહત્ત્વપૂર્ણ ભૂમિકા

આજે દેશ અને સમાજમાં થઈ રહેલા સકારાત્મક પરિવર્તનમાં દેશની નારીશક્તિની મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. આજે જ્યારે આપણે મહિલા સશક્તિકરણની ચર્ચા કરી રહ્યા છીએ ત્યારે હું એક રેલવે સ્ટેશનનો ઉલ્લેખ કરવા માગું છું. એક રેલવે સ્ટેશન અને મહિલા સશક્તિકરણ, તમે વિચારી રહ્યા હશો કે આ બંને વચ્ચે શું સંબંધ છે? મુંબઈનું માટુંગા સ્ટેશન ભારતનું પહેલું સ્ટેશન છે જ્યાં બધી મહિલા કર્મચારી છે. બધા વિભાગોમાં વીમેન સ્ટાફ - ચાહે કૉમર્શિયલ ડિપાર્ટમેન્ટ હોય, રેલવે પોલીસ હોય, ટિકિટ ચેકર હોય, ઉદ્‌ઘોષક હોય, પૉઈન્ટ પર્સન હોય, સમગ્ર ૪૦થી પણ વધુ કર્મચારીઓનો સ્ટાફ મહિલાઓનો જ છે. આ વખતે ઘણા લોકોએ પ્રજાસત્તાક દિવસની પરેડ જોયા પછી ટ્વિટર પર અને અન્ય સૉશિયલ મિડિયા પર લખ્યું કે પરેડની એક મુખ્ય વાત હતી બીએસએફ બાઈકર કન્ટિન્જન્ટ, જેમાં બધેબધી મહિલાઓ ભાગ લઈ રહી હતી. સાહસથી ભરપૂર પ્રયોગો કરી રહી હતી અને આ દૃશ્ય વિદેશથી આવેલા મહેમાનોને પણ આશ્ચર્યચકિત કરી રહ્યું હતું. સશક્તિકરણ આત્મનિર્ભરતાનું જ એક રૂપ છે. આજે આપણી નારીશક્તિ નેતૃત્વ કરી રહી છે. આત્મનિર્ભર બની રહી છે. આવી જ એક વાત મારા ધ્યાનમાં આવી છે કે છત્તીસગઢમાં આપણી આદિવાસી મહિલાઓએ પણ કમાલ કર્યો છે. તેમણે એક નવું ઉદાહરણ રજૂ કર્યું છે. આદિવાસી મહિલાઓની જ્યારે વાત આવે છે તો બધાના મનમાં એક નિશ્ચિત તસવીર ઊભરીને આવે છે, જેમાં જંગલ હોય છે, પગદંડીઓ હોય છે, તેના પર લાકડીઓનો બોજો માથા પર ઊંચકીને ચાલતી મહિલાઓ. પરંતુ છત્તીસગઢની આપણી આદિવાસી નારી, આપણી આ નારીશક્તિએ દેશની સામે એક નવી તસવીર બનાવી છે. છત્તીસગઢનો દંતેવાડા વિસ્તાર જે માઓવાદ પ્રભાવિત વિસ્તાર છે, હિંસા અત્યાચાર, બૉમ્બ, બંદૂક, પિસ્તોલ - માઓવાદીઓએ અહીં એક ભયાનક વાતાવરણ પેદા કરેલું છે. આવા ખતરનાક વિસ્તારમાં આદિવાસી મહિલાઓ E-Rickshaw ચલાવીને આત્મનિર્ભર બની રહી છે. બહુ જ થોડા સમયમાં ઘણી બધી મહિલાઓ તેની સાથે જોડાઈ ગઈ છે. અને તેનાથી ત્રણ લાભ થઈ રહ્યા છે, એક તરફ જ્યાં સ્વરોજગારે તેમને સશક્ત બનાવવાનું કામ કર્યું છે, તો બીજી તરફ તેનાથી માઓવાદ પ્રભાવિત વિસ્તારની તસવીર બદલાઈ રહી છે. અને આ બધાની સાથોસાથ તેનાથી પર્યાવરણ સંરક્ષણના કામને પણ બળ મળી રહ્યું છે. અહીંના જિલ્લા પ્રશાસનની પણ હું પ્રશંસા કરું છું. ગ્રાન્ટ ઉપલબ્ધ કરાવવાથી લઈને ટ્રેઈનિંગ આપવા સુધી, જિલ્લા પ્રશાસને આ મહિલાઓની સફળતામાં એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે.

## પ્રધાનમંત્રી જનઔષધી કેન્દ્ર

મારા પ્રિય દેશવાસીઓ, મૈસૂર, કર્ણાટકના શ્રીમાન દર્શને MyGov પર લખ્યું છે – તેમના પિતાના ઈલાજ પર મહિનામાં દવાઓનો ખર્ચ ૬ હજાર રૂપિયા થતો હતો. તેમને પહેલાં પ્રધાનમંત્રી જનઔષધી કેન્દ્ર વિશે જાણકારી નહોતી. પરંતુ હવે જ્યારે તેમને જનઔષધી કેન્દ્ર વિશે જાણકારી મળી અને તેમણે ત્યાંથી દવાઓ ખરીદી તો તેમનો દવાઓનો ખર્ચ ૭૫ ટકા સુધી ઘટી ગયો. તેમણે ઈચ્છા વ્યક્ત કરી છે કે હું તેના વિશે 'મન કી બાત' કાર્યક્રમમાં વાત કરું જેથી મહત્તમ લોકો સુધી તેની જાણકારી પહોંચે અને તેઓ તેનો લાભ લઈ શકે. ગત કેટલાક સમયથી ઘણા લોકો મને આ વિષયમાં લખતા રહેતા હતા, જણાવતા રહેતા હતા. મેં પણ અનેક લોકોના વિડિયો, સૉશિયલ મિડિયા પર પણ જોયા છે, જેમણે આ યોજનાનો લાભ લીધો છે. અને આ પ્રકારની જાણકારી જ્યારે મને મળે છે તો ઘણો આનંદ થાય છે. એક ગહન સંતોષ મળે છે. અને મને એ પણ ઘણું સારું લાગ્યું કે શ્રીમાન દર્શનજીના મનમાં એ વિચાર આવ્યો છે કે તેમને જે મળ્યું તે બીજાને પણ મળે. આ યોજનાની પાછળ ઉદ્દેશ્ય છે – Health Careને Affordable બનાવવી અને Ease of Livingને પ્રોત્સાહિત કરવી. જન ઔષધી કેન્દ્રો પર મળતી દવાઓ બજારમાં વેચાતી મળતી Branded દવાઓથી લગભગ ૫૦%થી ૯૦% સુધી સસ્તી છે. તેનાથી જન સામાન્ય, ખાસ કરીને રોજ દવાઓ લેનારા વરિષ્ઠ નાગરિકોને ઘણી આર્થિક મદદ થાય છે, ઘણી બચત થાય છે. તેમાં વેચાતી generic દવાઓ World Health Organisationના નિયત ધોરણ મુજબની હોય છે. આ જ કારણ છે કે સારી ગુણવત્તાની દવાઓ સસ્તા ભાવે મળે છે. આજે દેશભરમાં ત્રણ હજારથી વધુ જન ઔષધી કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યાં છે. તેનાથી ન માત્ર દવાઓ સસ્તી મળે છે, પરંતુ સાથે Individual Entrepreneurs માટે પણ રોજગારના નવા અવસર પેદા થઈ રહ્યા છે. સસ્તી દવાઓ પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધી કેન્દ્રો અને હૉસ્પિટલોના 'અમૃત સ્ટોર' પર પ્રાપ્ય છે. તે બધાની પાછળ એક માત્ર ઉદ્દેશ્ય છે – દેશના અતિ ગરીબ વ્યક્તિને Quality અને affordable health service પ્રાપ્ય બનાવવી જેથી એક સ્વસ્થ અને સમૃદ્ધ ભારતનું નિર્માણ થઈ શકે.

## જન-આંદોલનના માધ્યમથી મોટા મોટા બદલાવ લાવી શકાય છે

મારા પ્રિય દેશવાસીઓ, મહારાષ્ટ્રથી શ્રીમાન મંગેશે નરેન્દ્ર મોદી મોબાઈલ એપ પર એક ફોટો શેર કર્યો છે. એ ફોટો એવો હતો કે મારું ધ્યાન તે ફોટો તરફ ખેંચાતું ગયું. એ ફોટો એવો હતો જેમાં એક પૌત્ર તેના દાદા સાથે 'ક્લીન મોરના નદી'ના સફાઈ અભિયાનમાં ભાગ લઈ રહ્યો હતો. મને જાણવા મળ્યું કે અકોલાના નાગરિકોએ સ્વચ્છ ભારત અભિયાન હેઠળ મોરના નદીને સાફ કરવા માટે સ્વચ્છતા અભિયાનનું આયોજન કર્યું હતું. મોરના નદી પહેલાં બારેય મહિના વહેતી હતી પરંતુ હવે તે સિઝનલ થઈ ગઈ છે. અન્ય પીડાની વાત એ છે કે નદી સંપૂર્ણ રીતે જંગલી ઘાસ, જળકુંભીથી ભરાઈ ગઈ હતી. નદી અને તેના કિનારા પર કેટલોય કચરો નાખવામાં આવી રહ્યો હતો. એક એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો અને મકરસંક્રાંતિથી એક દિવસ અગાઉ ૧૩ જાન્યુઆરીએ 'મિશન ક્લીન મોરના'ના પ્રથમ ચરણ હેઠળ ચાર કિલોમીટરના ક્ષેત્રમાં ચૌદ સ્થાનો પર મોરના નદીના તટના બંને કિનારાઓની સફાઈ કરવામાં આવી. મિશન ક્લીન મોરના ના આ નેક કાર્યમાં અકોલાના છ હજારથી પણ વધુ નાગરિકો, સોથી પણ વધુ એનજીઓ, કૉલેજના વિદ્યાર્થીઓ, બાળકો, વડીલો, માતાઓ-બહેનો, દરેક લોકોએ આમાં ભાગ લીધો. ૨૦ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ પણ આ સ્વચ્છતા કાર્યક્રમ આ રીતે જ ચાલુ રાખવામાં આવ્યો હતો અને મને કહેવામાં આવ્યું કે જ્યાં સુધી મોરના નદી પૂરી રીતે સાફ નહીં થઈ જાય, ત્યાં સુધી આ અભિયાન દરેક શનિવારની સવારે ચાલશે. એ દેખાડે છે કે જો વ્યક્તિ કંઈક કરવાનું નક્કી કરી લે તો અશક્ય કંઈ પણ નથી. જન-આંદોલનના માધ્યમથી મોટા મોટા બદલાવ લાવી શકાય છે. હું અકોલાની જનતાને, ત્યાંના જિલ્લા તથા નગર નિગમના પ્રશાસનને, આ કામને જન-આંદોલન બનાવવામાં લાગેલા દરેક નાગરિકોને તેમના આ પ્રયાસ બદલ ખૂબ-ખૂબ ધન્યવાદ આપું છું અને આપનો આ પ્રયાસ દેશના અન્ય લોકોને પણ પ્રેરિત કરશે.

## પદ્મ પુરસ્કાર
## હવે કોઈ પણ નાગરિક કોઈને પણ નોમિનેટ કરી શકે છે

મારા પ્રિય દેશવાસીઓ, આ દિવસોમાં પદ્મ પુરસ્કારોના સંબંધમાં કેટલીયે ચર્ચાઓ આપ સાંભળતા હશો. અખબારોમાં પણ આ વિષય અંગે, ટીવી પર પણ આ અંગે ધ્યાન આકર્ષિત થાય છે. પરંતુ જો સહેજ બારીકીથી જોશો તો આપને ગર્વ થશે. ગર્વ એ વાતનો કે કેવા-કેવા મહાન લોકો આપણી વચ્ચે છે અને સ્વાભાવિક રીતે એ વાતનો પણ

ગર્વ થશે કે કેવી રીતે આજે આપણા દેશમાં સામાન્ય વ્યક્તિ કોઈપણ લાગવગ વગર એ ઊંચાઈઓ પર પહોંચી રહ્યા છે. દરેક વર્ષે પદ્મ પુરસ્કાર આપવાની પરંપરા રહી છે પરંતુ છેલ્લાં ત્રણ વર્ષોમાં તેની આખી પ્રક્રિયા બદલાઈ ગઈ છે. હવે કોઈ પણ નાગરિક કોઈને પણ નોમિનેટ કરી શકે છે. આખી પ્રક્રિયા ઓનલાઇન થઈ જવાથી પારદર્શિતા આવી ગઈ છે. એક રીતે આ પુરસ્કારોની પસંદગી-પ્રક્રિયાનું આખું રૂપાંતરણ થઈ ગયું છે. આપનું પણ એ વાત પર ધ્યાન ગયું હશે કે બહુ જાણીતા ન થયેલા લોકોને પદ્મ પુરસ્કાર મળી રહ્યા છે. એવા લોકોને પદ્મ પુરસ્કાર આપવામાં આવ્યા છે, જેઓ સામાન્ય રીતે મોટાં-મોટાં શહેરોમાં, અખબારોમાં, ટીવીમાં, સમારંભોમાં નજર નથી આવતા. હવે પુરસ્કાર આપવા માટે વ્યક્તિની ઓળખ નહીં પરંતુ તેના કામનું મહત્ત્વ વધી રહ્યું છે. આપે સાંભળ્યા હશે શ્રીમાન અરવિંદ ગુપ્તાજીને, આપને જાણીને આનંદ થશે, IIT કાનપુરના વિદ્યાર્થી રહેલા અરવિંદજીએ બાળકો માટે રમકડાં બનાવવામાં પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દીધું. તેઓ ચાર દસકથી કચરામાંથી રમકડાં બનાવી રહ્યા છે જેથી બાળકોમાં વિજ્ઞાન પ્રત્યે જિજ્ઞાસા વધી શકે. તેમની કોશિશ હોય છે કે બાળકો બેકાર વસ્તુઓથી વૈજ્ઞાનિક પ્રયોગો તરફ પ્રેરિત થાય, જેને માટે તેઓ દેશભરમાં ત્રણ હજાર સ્કૂલોમાં જઈને ૧૮ ભાષાઓમાં બનેલી ફિલ્મો દર્શાવીને, બાળકોને પ્રેરિત કરી રહ્યા છે. કેવું અદ્‌ભુત જીવન, કેવું અદ્‌ભુત સમર્પણ. એક એવી જ વાત કર્ણાટકના સિતાવા જોદ્દાતીની છે. એમને મહિલા સશક્તિકરણના દેવી એમ જ નથી કહેવાયાં. છેલ્લા ત્રણ દસકથી બેલાગવીમાં તેમણે અગણિત મહિલાઓનું જીવન બદલવામાં મહાન યોગદાન આપ્યું છે. તેમણે સાત વર્ષની વયમાં જ સ્વયંને દેવદાસી તરીકે સમર્પિત કરી દીધાં હતાં. પરંતુ પછી દેવદાસીઓના કલ્યાણ માટે જ પોતાનું આખું જીવન લગાવી દીધું. એટલું જ નહીં, તેમણે દલિત મહિલાઓના કલ્યાણ માટે પણ અભૂતપૂર્વ કાર્ય કર્યાં છે. આપે નામ સાંભળ્યું હશે મધ્યપ્રદેશના ભજ્જૂ શ્યામ વિશે. શ્રીમાન ભજ્જૂ શ્યામનો જન્મ એક અત્યંત ગરીબ પરિવાર, આદિવાસી પરિવારમાં થયો હતો. તેઓ જીવનનિર્વાહ માટે સામાન્ય નોકરી કરતા હતા પરંતુ તેમને પારંપરિક આદિવાસી ચિત્રો બનાવવાનો શોખ હતો. આજે આ જ શોખને કારણે તેમનું ભારતમાં જ નહીં, આખા વિશ્વમાં સન્માન છે. નેધરલેન્ડ્ઝ, જર્મની, ઇંગ્લૅન્ડ, ઇટાલી જેવા કેટલાય દેશોમાં તેમનાં ચિત્રોનું પ્રદર્શન થઈ ચૂક્યું છે. વિદેશોમાં ભારતનું નામ રોશન કરવાવાળા ભજ્જૂ શ્યામજીની પ્રતિભાને ઓળખવામાં આવી અને તેમને પદ્મશ્રીનું સન્માન આપવામાં આવ્યું.

કેરળની આદિવાસી મહિલા લક્ષ્મીકુટ્ટીની વાત સાંભળીને આપને સુખદ આશ્ચર્ય થશે. લક્ષ્મીકુટ્ટી, કલ્લારમાં શિક્ષિકા છે અને આજે પણ ગાઢ જંગલોની વચ્ચે આદિવાસી વિસ્તારમાં તાડનાં પાંદડાંથી બનેલી ઝૂંપડીમાં રહે છે. તેમણે તેમની સ્મૃતિના આધારે જ પાંચસો હર્બલ મેડિસીન બનાવી છે. જડીબુટ્ટીઓમાંથી દવા બનાવી છે. સાપ કરડ્યા બાદ ઉપયોગમાં આવનારી દવા બનાવવામાં તેમણે મહારત મેળવેલ છે. લક્ષ્મીજી હર્બલ દવાઓની તેમની જાણકારીથી સતત સમાજની સેવા કરી રહી છે. આ ગુમનામ વ્યક્તિને ઓળખીને, સમાજમાં તેમના યોગદાન માટે તેમને પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા. મને આજે વધુ એક નામનો ઉલ્લેખ કરવાનું પણ મન થાય છે. પશ્ચિમ બંગાળની ૭૫ વર્ષની સુભાષિની મિસ્ત્રી. તેમને પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યાં. સુભાષિની મિસ્ત્રી એક એવી મહિલા છે, જેમણે હૉસ્પિટલ બનાવવા માટે બીજાનાં ઘરોમાં વાસણ માંજ્યાં, શાકભાજી વેચ્યાં. જ્યારે તે ૨૩ વર્ષના હતા તો ઉપચાર ન મળવાથી તેમના પતિનું મૃત્યુ થઈ ગયું હતું અને એ ઘટનાએ તેમને ગરીબો માટે હૉસ્પિટલ બનાવવા માટે પ્રેરિત કર્યાં. આજે તેમની સખત મહેનતથી બનાવેલી હૉસ્પિટલમાં હજારો ગરીબોનો નિઃશુલ્ક ઇલાજ કરવામાં આવી રહ્યો છે. મને પૂરો વિશ્વાસ છે કે આપણી બહુરત્ના વસુંધરામાં આવાં કેટલાય નર-રત્નો છે, કેટલાંય નારી-રત્નો છે જેમને ન કોઈ જાણે છે કે ન કોઈ ઓળખે છે. આવી વ્યક્તિઓની ઓળખ ન બનતાં સમાજને પણ ખોટ પડે છે. પદ્મ પુરસ્કાર એક માધ્યમ છે પરંતુ હું દેશવાસીઓને પણ કહીશ કે આપણી આસપાસ સમાજ માટે જીવવાવાળા, સમાજ માટે સમર્પિત થનારા, કોઈ ને કોઈ વિશેષતા સાથે જીવનભર કાર્ય કરનારા લાખો લોકો છે. ક્યારેક ને ક્યારેક તેમને સમાજની વચ્ચે લાવવા જોઈએ. તેઓ માન-સન્માન માટે કામ નથી કરતા, પરંતુ તેમનાં કાર્યોને કારણે આપણને પ્રેરણા મળે છે. ક્યારેક સ્કૂલોમાં, કૉલેજોમાં, આવા લોકોને બોલાવીને તેમના અનુભવોને સાંભળવા જોઈએ. પુરસ્કારથી પણ આગળ, સમાજમાં પણ કેટલાક પ્રયાસો થવા જોઈએ.

મારા પ્રિય દેશવાસીઓ, આપ સૌને ૨૦૧૮ની શુભેચ્છાઓ આપવાની સાથે મારી વાણીને વિરામ આપું છું. ખૂબ-ખૂબ ધન્યવાદ. નમસ્કાર.

# ભાજપની કેન્દ્ર સરકારની ઉપલબ્ધિઓ

**પર્યટનથી ૧,૮૦,૩૭૯ કરોડની વિદેશી મુદ્રાની આવક થઈ**

કેન્દ્રીય પર્યટન મંત્રાલય દ્વારા ૧૭ જાન્યુઆરીએ જાહેર થયેલા એક રિપોર્ટ અનુસાર વિદેશી મુદ્રામાં આવક (એફઈઈ) વર્ષ ૨૦૧૬ની તુલનામાં ૧૭.૦ ટકાની વૃદ્ધિ સાથે ૧,૮૦,૩૭૯ કરોડ રૂપિયાની થઈ, જ્યારે વર્ષ ૨૦૧૫ની તુલનામાં વર્ષ ૨૦૧૬માં આ આવક ૧૪.૦ ટકાની વૃદ્ધિ સાથે ૧,૫૪,૧૪૬ કરોડ રપિયા થઈ હતી. બીજા શબ્દોમાં અમેરિકન ડૉલરની ગણતરીએ ડિસેમ્બર ૨૦૧૭ દરમિયાન એફઈઈ ૩.૦૩૮ અરબ અમેરિકી ડૉલર અંદાજવામાં આવી, જ્યારે ડિસેમ્બર ૨૦૧૬માં ૨.૪૩૯ અરબ અમેરિકી ડૉલર અને ડિસેમ્બર ૨૦૧૫માં ૨.૧૨૬ અરબ જાહેર કરવામાં આવી હતી.

એ સર્વવિદિત છે કે પર્યટન મંત્રાલય રૂપિયા અને ડૉલર બંને રીતે ભારતમાં દર મહિને પર્યટન દ્વારા વિદેશી મુદ્રામાં આવકનું આકલન કરે છે. આ ભારતીય રિઝર્વ બેંકના ભુગતાન સમતુલનથી જોડાયેલ માત્રા પ્રમુખના ક્રેડિટ ડેટા-પર આધારિત હોય છે.

ડિસેમ્બર ૨૦૧૭ અને જાન્યુઆરી-ડિસેમ્બર ૨૦૧૭ દરમિયાન ભારતમાં પર્યટનથી વિદેશી મુદ્રામાં આવક (એફઈઈ)ના અનુમાનની મુખ્ય બાબતો નિમ્નલિખિત છે :

ડિસેમ્બર ૨૦૧૭માં એફઈઈ ૧૯,૫૧૪ રૂપિયા આવક થઈ, જ્યારે ડિસેમ્બર ૨૦૧૬માં આ આવક ૧૬,૫૫૮ કરોડ રૂપિયા અને ડિસેમ્બર, ૨૦૧૫માં ૧૪,૧૫૨ કરોડ રૂપિયા હતી. ડિસેમ્બર ૨૦૧૬ કરતાં ડિસેમ્બર ૨૦૧૭માં રૂપિયાના ચલણમાં એફઈઈનો વૃદ્ધિદર ૧૭.૯ ટકા થયો, જ્યારે ડિસેમ્બર ૨૦૧૫ કરતાં ડિસેમ્બર ૨૦૧૬માં આ વૃદ્ધિદર ૧૭.૦ ટકા આંકવામાં આવ્યો હતો.

ડિસેમ્બર ૨૦૧૬ની તુલનામાં ડિસેમ્બર ૨૦૧૭માં અમેરિકી ડૉલરની ગણતરીએ એફઈઈનો વૃદ્ધિદર ૨૪.૬ ટકા જેટલો રહ્યો, જ્યારે ડિસેમ્બર ૨૦૧૫ની તુલનામાં ડિસેમ્બર ૨૦૧૬માં આ વૃદ્ધિદર ૧૪.૭ ટકા રહ્યો હતો. વર્ષ ૨૦૧૭ દરમિયાન એફઈઈ ૨૦૧૬ના વર્ષની તુલનામાં ૨૦.૮ ટકાની વૃદ્ધિ સાથે ૨૭.૬૯૩ અરબ અમેરિકી ડૉલર થઈ, જ્યારે વર્ષ ૨૦૧૫ની તુલનામાં વર્ષ ૨૦૧૬માં ૮.૭ ટકાના વૃદ્ધિદર સાથે ૨૨.૯૨૩ અરબ અમેરિકી ડૉલર થઈ.

**પ્રત્યક્ષ કર (ટેક્સ)ની આવકમાં ૧૮.૭ ટકાની વૃદ્ધિ-૧૫ જાન્યુઆરી સુધી ૬.૮૯ લાખ કરોડ રૂપિયાની ટેક્સની આવક**

પ્રત્યક્ષ કરના અંતિમ આંકડાઓ પરથી જાણી શકાય છે કે ૧૫ જાન્યુઆરી ૨૦૧૮ સુધી ૬.૮૯ લાખ કરોડ રૂપિયાનો કર સંગ્રહ થયો છે. જે પાછલાં વર્ષોના આ જ સમયગાળા દરમિયાન થયેલ ચોખ્ખા સંગ્રહની તુલનામાં ૧૮.૭ ટકા વધારે છે. આ સમયગાળા દરમિયાન પ્રત્યક્ષ કરોનો આ સંગ્રહ નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ના પ્રત્યક્ષ કરોના કુલ બજેટ અનુમાનો (૯.૮ લાખ કરોડ રૂપિયા)ના ૭૦.૩ ટકા છે. એપ્રિલ ૨૦૧૭થી લઈ ૧૫ જાન્યુઆરી, ૨૦૧૮ સુધીના સમયગાળા દરમિયાન પ્રત્યક્ષ કરોનો કુલ સંગ્રહ (રિફંડ માટે સમાવેશ થયા પહેલાં) ૧૩.૫ ટકાથી વધી ૮.૧૧ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો છે. એપ્રિલ



૨૦૧૭થી લઈ ૧૫ જાન્યુઆરી ૨૦૧૮ સુધીના સમયગાળા દરમિયાન ૧.૨૨ લાખ કરોડ રૂપિયાનું રીફંડ જાહેર કરેલ છે.

ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન દરેક સ્તરે પ્રત્યક્ષ કરોના સંગ્રહમાં ઉલ્લેખનીય વધારો જોવા મળેલ છે. પ્રત્યક્ષ કરોના કુલ સંગ્રહની વૃદ્ધિ પ્રથમ ત્રિમાસિકના ૧૦ ટકાથી વધી બીજા ત્રિમાસિકમાં ૧૦.૩ ટકા તથા ત્રીજા ત્રિમાસિકમાં ૧૨.૬ ટકા અને ૧૫ જાન્યુઆરી ૨૦૧૮ સુધીના સમયગાળામાં ૧૩.૫ ટકા થઈ ગઈ છે. આ પ્રમાણે પ્રત્યક્ષ કરોના કુલ સંગ્રહનો વૃદ્ધિદર પણ પહેલા ત્રિમાસિકમાં ૧૪.૮ ટકાથી વધી બીજા ત્રિમાસિકમાં ૧૫.૮ ટકા, ત્રીજા ત્રિમાસિકમાં ૧૮.૨ ટકા અને ૧૫ જાન્યુઆરી, ૨૦૧૮ સુધીમાં ૧૮.૭ ટકા થયો છે.

પ્રત્યક્ષ કરવેરા અંતર્ગત વિશેષતઃ કોર્પોરેટ આવક (સીઆઈટી)ના એકત્રીકરણમાં ઉલ્લેખનીય વૃદ્ધિ થઈ છે. સીઆઈટીની તમામ આવક પહેલા ત્રિમાસિકમાં ૪.૮ ટકાની વૃદ્ધિ દર્શાવ્યા બાદ તેનાથી પણ વધીને બીજા ત્રિમાસિકમાં ૫.૧ ટકા, પછીના ત્રિમાસિકમાં કેન્દ્રીય નાણામંત્રાલયે મુખ્ય આવક અને ખર્ચને ધ્યાનમાં રાખીને એવું આકલન કર્યું છે કે સરકારી ગતિવિધિઓના કારણે કેવળ ૨૦,૦૦૦

કરોડ રૂપિયા સિવાયની ઉધારી જ વિત્તીય જરૂરિયાતોની પૂર્તિ માટે પર્યાપ્ત રહેશે. સર્વવિદિત છે કે સરકારે થોડા સમય પહેલાં જ કહ્યું હતું કે તે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં દિનાંકિત સરકારી ગતિવિધિઓના કારણે બજારમાંથી ૫૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ ઉધારી કરશે. આ રીતે હવે કેન્દ્ર સરકાર નાણાકીય વર્ષના અંતમાં ૩૦,૦૦૦ કરોડ રૂપિયા જેટલી ઓછી રકમ ઉધાર લેશે.

ખરેખર સરકારે છેલ્લી ૩ હરાજીઓમાં ૧૫,૦૦૦ કરોડ રૂપિયાની ઉધારીનો સ્વીકાર નથી કર્યો. બાકીના ૧૫,૦૦૦ કરોડ રૂપિયાની રકમને આગામી હપ્તાઓ અંતર્ગત ઉધારી કાર્યક્રમમાંથી બાકાત કરી દેવામાં આવશે.

૧૦.૧ ટકા અને ૧૫ જાન્યુઆરી ૨૦૧૮ સુધીની સમયગાળામાં ૧૧.૪ ટકા થઈ ગઈ છે. આ રીતે સીઆઈટીની ચોખ્ખી આવકનો વૃદ્ધિદર પણ બીજા ત્રિમાસિકના ૧૦.૮ ટકાથી વધીને તે પછીના ત્રિમાસિકમાં ૧૭.૪ ટકા અને ૧૫ જાન્યુઆરી ૨૦૧૮ સુધીના સમયગાળામાં ૧૮.૨ ટકા થઈ ગયો છે.

## પીએસએલવીએ એક સાથે ૩૧ સેટેલાઈટ લોન્ચ કર્યા

ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન (ઈસરો)ના ધ્રુવીય સેટેલાઈટ લોન્ચ વેહિકલે ૧૨ જાન્યુઆરીએ પોતાની ૪૨મી ઉડાનમાં સફળતાપૂર્વક ૭૧૦ કિલોગ્રામનો કાર્ટોસેટ-૨ શ્રૃંખલાનો દૂર-સંવેદી ઉપગ્રહ ૩૦ અન્ય ઉપગ્રહોની સાથે શ્રી હરિકોટાના સતીશ ધવન અંતરિક્ષ કેન્દ્રથી સફળતાપૂર્વક લોન્ચ કર્યો. આને પીએસએલવીસી નામ આપવામાં આવ્યું છે.

પીએસએલવી-સીને ભારતીય સમયાનુસાર સવારે ૯ કલાક અને ૨૯ મિનિટ વખતે પ્રથમ લોન્ચ પેડથી છોડવામાં આવ્યો. ૧૬ મિનિટ ૩૭ સેકન્ડની ઉડાન બાદ ઉપગ્રહે વિષવવૃત્ત રેખાથી ૯૭.૫૫ના ખૂણા પર ઝૂકેલા ૫૦૩ કિલોમીટરના પોલર સન સિંકોસન આર્બિટને પાર કરી લીધું. તે પછીની સાત મિનિટમાં કેન્ટ્રોસેટ-૨ શ્રૃંખલાનો ઉપગ્રહ આઈએનએસ-આઈસી તથા ૨૮ કસ્ટમર ઉપગ્રહ પૂર્વનિર્ધારિત ક્રમ મુજબ પીએસએલવીથી સફળતાપૂર્વક અલગ થઈ ગયો. પીએસએલવી-સી ૪૦ના ચોથા ચરણને થોડા સમય માટે બે વાર છોડવામાં આવ્યો, જેથી ૩૦૦ કિલોમીટર ઊંચાઈના પોલર ઓર્બિટને પાર કરી શકાય. આમાં ભારતનો માઈક્રોસેટ સફળતાપૂર્વક અલગ થઈ શકે.

જુદા પડ્યા પછી કાર્ટોસેટ-૨ શ્રૃંખલાની બે સૌર શ્રૃંખલાઓ સ્વતઃ તૈયાર થઈ ગઈ અને ઈસરોના બેંગલુરુ સ્થિત ટેલિમેટ્રી, ટ્રેકિંગ, કમાંડ નેટવર્કે (આઈએસટીઆરએસી) ઉપગ્રહનું નિયંત્રણ પોતાના હસ્તક કરી લીધું. આવનારા દિવસોમાં ઉપગ્રહના સંચાલનને અંતિમ રૂપ આપવા માટે લાવવામાં આવશે. આ પછી તે પોતાના પેંકોમેટ્રિક (શ્યામ અને શ્વેત) તથા મલ્ટીસ્પેક્ટ્રલ (રંગીન) કેમેરાનો ઉપયોગ કરીને દૂર દૂરની માહિતી મોકલવાનું શરૂ કરશે.

કાર્ટોસેટ-૨ના બે ભારતીય અન્ય ઉપગ્રહો ૧૧ કિલોગ્રામના આઈએનએસ-આઈસી તથા ૧૦૦ કિલોગ્રામના માઈક્રોસેટની દેખરેખ અને નિયંત્રણ બેંગલુરુના આઈએસટીઆરએસીથી કરવામાં આવે છે. ભારત સિવાય આમાં ૨૮ આંતરરાષ્ટ્રીય ઉપગ્રહ છે, જે કેનેડા, ફિનલેન્ડ, ફ્રાંસ, કોરિયા ગણરાજ્ય, બ્રિટન તથા અમેરિકાના છે. એ સર્વવિદિત છે કે પીએસએલવીએ અત્યાર સુધીમાં સફળતાપૂર્વક વિદેશથી ૧૧ ભારતીય ઉપગ્રહ તથા ૨૩૭ કસ્ટમર ઉપગ્રહો લોન્ચ કર્યા છે.

## અગ્નિ-૫ બેલેસ્ટિક મિસાઈલનું પાંચમું સફળ ઉડ્ડયન પરીક્ષણ

જમીનથી જમીન પર આક્રમણ કરનારી લાંબા અંતરની બેલેસ્ટિક મિસાઈલ અગ્નિ-૫નું સફળ પરીક્ષણ કર્યું. પરીક્ષણનું ઉડ્ડયન ૯ કલાક ને ૫૩ મિનિટે ઓડિશાના ડૉ. અબ્દુલ કલામ આઈલેન્ડથી કરવામાં આવ્યું. મિસાઈલનું આ ૫મું પરીક્ષણ હતું. પાંચેપાંચ ઉડ્ડયન સફળ રહ્યાં. રક્ષા વિભાગ તથા વિકાસ સંગઠન એલએસએલ, ડીઆરડીએલ, આઈટીઆર, આરસીઆઈ અને ટીવીઆરએલ પ્રયોગશાળાઓના નિર્દેશકોએ સંપૂર્ણ લોન્ચ ઓપરેશનની સમીક્ષા કરી. આ અવસરે સશસ્ત્રદળોના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ડીઆરડીના અધ્યક્ષ તથા ડીડીઆર એન્ડ ડીના સચિવ ડૉ. એસ. ક્રિસ્ટોફરે અગ્નિ-૫ની ટીમને અભિનંદન પાઠવ્યાં. તેમણે કહ્યું કે અગ્નિ-૫ની લગાતાર પાંચમી સફળ પરીક્ષણ ઉડાનથી દેશની રક્ષાક્ષમતામાં વૃદ્ધિ થશે.

સંરક્ષણમંત્રી શ્રીમતી નિર્મલ સીતારમણે ચેન્નાઈમાં સંરક્ષણ ઉદ્યોગ વિકાસ સમાગમનું ઉદ્ઘાટન કરતી વખતે અગ્નિ-૫ના સફળ ઉડ્ડયન માટે પ્રસન્નતા વ્યક્ત કરી હતી. તેમણે આ સફળતા માટે ડીઆરડીઓને અભિનંદન પાઠવ્યાં. તેમણે મિસાઈલના નિર્માણમાં સ્વદેશી ઉપકરણોનો ઉપયોગ કરવા માટે ભારતીય ઉદ્યોગોની પ્રશંસા કરી.

●

ભાજપા સરકારે વિકાસની સાથે સાથે સામાજિક સુધારાઓની વાત પણ ઉપાડી લીધી છે



# ૩૩૦થી વધુ સાંસદ, ૧૩૯૭થી વધારે ધારાસભ્યો, ૧૯ રાજ્યોની સરકારો અને દેશના ૮૦ ટકા ભૂભાગ પર ભાજપ જનતાની સેવા કરી રહ્યો છે

## - શ્રી અમિતભાઈ શાહ

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે ૨૦મી જાન્યુઆરીએ વારાણસી (ઉત્તર પ્રદેશ)ના મહાત્મા ગાંધી કાશી વિદ્યાપીઠ સ્પોર્ટ્સ ગ્રાઉન્ડમાં સ્વામી વિવેકાનંદ જયંતીના અવસર પર આયોજિત યુવા ઉદ્‌ઘોષિત કાર્યક્રમ વખતે સંબોધન કર્યું અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ‘સૌનો સાથ, સૌનો વિકાસ’ની નીતિ પર યોગીશ્રી આદિત્યનાથ સરકારની આગેકૂચની ભરપૂર પ્રશંસા કરી હતી. ‘યુવા ઉદ્‌ઘોષ’ના આ કાયક્રમમાં વારાણસી લોકસભાના ૧૭૩૬ બૂથના પ્રત્યેક બૂથમાંથી ૧૦ યુવા કાર્યકર્તાઓએ ભાગ લીધો. આ તમામ કાર્યકર્તાઓએ ડિજિટલ સેવાઓ દ્વારા ભાજપનું સદસ્યપદ ગ્રહણ કર્યું છે.

**ભારતીય જનતા પાર્ટી એક રાજનીતિક પક્ષ હોવા ઉપરાંત એક વિચારધારા, એક આંદોલન**

ભાજપા અધ્યક્ષે કહ્યું કે બાબા વિશ્વનાથની નગરી કાશી આખા હિંદુસ્તાનની ઊર્જાનો અક્ષય સ્રોત અને આધ્યાત્મિક કેન્દ્ર છે. સોનામાં સુગંધ એ ભળી છે કે બાબા વિશ્વનાથની નગરી, બાબા સંકટમોચનની નગરી અને દાદા ભૈરવની નગરી વારાણસીના સાંસદ શ્રી નરેન્દ્રભાઈ મોદી છે. તેમણે ‘યુવા ઉદ્‌ઘોષ’ કાર્યક્રમમાં ભાજપા સાથે જોડાવા માટે યુવાનોનું હૃદયપૂર્વક પાર્ટીમાં સ્વાગત કરતાં કહ્યું કે ભારતીય જનતા પાર્ટી એક રાજનીતિક પક્ષ હોવા ઉપરાંત એક વિચારધારા, એક આંદોલન અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં નવા ભારતના પુનઃનિર્માણ માટેનો સંકલ્પ પણ છે. તેમણે કહ્યું કે સ્વામી વિવેકાનંદજીએ ગુલામીના જમાનામાં ભારતનો જયઘોષ વિશ્વ ધર્મસંસદમાં કર્યો અને આઝાદીનાં ૭૦ વર્ષ બાદ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી આખી વિશ્વમાં ભારતનો જયઘોષ કરી રહ્યા છે. તેમણે યુવાનોનું ભાજપામાં સ્વાગત કરતાં કહ્યું કે જ્યારે આપ ભારતીય જનતા પાર્ટી સાથે જોડાઓ છો ત્યારે આપ વિશ્વની સૌથી મોટી પાર્ટીના સદસ્ય બનો છો. આપ એક એવી પાર્ટીના સદસ્ય બનો છો જેના ૩૩૦થી વધુ સાંસદ, ૧૩૯૭થી વધારે વિધાયક છે, દેશનાં ૧૯ રાજયોમાં જેની સરકારો છે, અને જે પાર્ટી દેશના ૮૦ ટકા ભૂભાગ પર જનતાની સેવા કરી રહી છે. તેમણે કહ્યું કે સ્થાપનાથી લઈને આજ સુધી અમારી એ પરંપરા રહી છે કે ભારતીય જનતા પાર્ટી જાતિ અથવા ધર્મના આધાર પર ચાલતી પાર્ટી નથી, આ પાર્ટી વિચારધારા અને કાર્યકર્તાઓના આધાર પર ચાલનારી પાર્ટી છે.

**ભારતીય જનતા પાર્ટી જ એક માત્ર એવી પાર્ટી છે જે એક બૂથ કાર્યકર્તાને રાષ્ટ્રીય અધ્યક્ષ સુધી પહોંચાડવાનો મોકો આપે છે**

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે ભારતીય જનતા પાર્ટીમાં મારી શરૂઆત પણ એક બૂથ અધ્યક્ષના રૂપે થઈ હતી. તેમણે કહ્યું કે દેશમાં ભારતીય જનતા પાર્ટી જ એક માત્ર

એવી પાર્ટી છે જે એક બૂથ કાર્યકર્તાને રાષ્ટ્રીય અધ્યક્ષ સુધી પહોંચાડવાનો મોકો આપે છે, જે ચ્હા વેચનારા એક ગરીબ માણસના બેટાને દેશના પ્રધાનમંત્રી બનવાનો મોકો આપે છે.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ વારાણસીનો ભૌતિક વિકાસ (સડક, વીજળી, પાણી માટે જે કાંઈ કર્યું છે, તે જો કોંગ્રેસના શાસનમાં છેલ્લાં સિત્તેર વર્ષોમાં થયું હોત તો આજ વારાણસી પોતાના પ્રાચીન ગૌરવને પ્રાપ્ત કરી ચૂક્યું હોત. તેમણે કહ્યું કે છેલ્લાં ૩ વર્ષની અંદર વારાણસીમાં ૨૯૦૦ કરોડના પ્રોજેક્ટ શર કરવામાં આવ્યા છે, અને આજે વારાણસીની ધરતી પર વિકાસ દેખાઈ રહ્યો છે. તેમણે કહ્યું કે હું આજે 'યુવા ઉદ્ઘોષ' કાર્યક્રમના માધ્યમથી દેશના બધા જ લોકોને એક વાત ફરીથી કરવા ઇચ્છું છું કે બાબા વિશ્વનાથની નગરી કાશીના આધ્યાત્મિક ગૌરવને જરા સરખું પણ ઓછું થવા દીધા વગર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં અમે અહીંની વિકાસયાત્રાને આગળ ધપાવવાનું કામ નિરંતર ચાલુ રાખીશું. તેમણે કહ્યું કે વિશ્વની સૌથી પ્રાચીન નગરીનો સંદેશ સમગ્ર વિશ્વમાં ગૌરવ સહિત જવો જોઈએ કે કઈ રીતે મોદીજીના નેતૃત્વમાં વિકાસની ગાથા ભારતમાં ચાલી રહી છે.

## કલ્યાણ માટેના કેટલાય કાર્યક્રમો શરૂ કર્યા

શ્રી અમિતભાઈ શાહેએ કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ છેલ્લા સાડા ત્રણ વર્ષથી દેશનાં ગામડાં, ગરીબો, ખેડૂતો, દલિતો, છેવાડાના લોકો, યુવાઓ તથા મહિલાઓના કલ્યાણ માટેના કેટલાય કાર્યક્રમો શરૂ કર્યા છે અને તેનો લાભ છેક નીચેના સ્તર સુધીના માણસને મળે તેવો પ્રબંધ કર્યો છે. તેમણે કહ્યું કે દેશના ગરીબોની ચિંતા જો કોઈએ પ્રથમ વખત કરી હોય તો તે મોદી સરકારે કરી છે.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે છેલ્લાં સાડા ત્રણ વર્ષોમાં લગભગ સાડા ત્રણ કરોડ ગરીબ મહિલાઓને ગેસનાં જોડાણ આપીને ધુમાડાથી મુક્તિ અપાવી છે. આઝાદીનાં ૭૦ વર્ષ પછી વીજળીથી વંચિત લગભગ ૧૯ હજાર ગામડાંઓના ઇલેક્ટ્રિફિકેશનની યોજના શરૂ કરવામાં આવી છે, જે મે, ૨૦૧૮ સુધીમાં પૂરી કરવામાં આવશે. સાડા છ કરોડથી વધુ યુવાનોને મુદ્રા બેંક યોજના અંતર્ગત સ્વરોજગાર પ્રદાન કરવામાં આવ્યો છે અને લગભગ સાડા સાત કરોડ ઘરોમાં શૌચાલય બનાવવાનું કામ પણ પૂરું કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે વારાણસીની સાથે સાથે દેશભરનાં કેટલાંય શહેરોમાં અર્બન ડેવલપમેન્ટ મિશન અંતર્ગત સ્માર્ટ સિટી બનાવવાની નવી પહેલ શરૂ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે યુવાનોને ઉમદા રોજગાર પ્રદાન કરવાના હેતુસર સ્ટાર્ટ-અપ ઇન્ડિયા, સ્ટેન્ડ-અપ ઇન્ડિયા, સ્કિલ ઇન્ડિયા, મેક ઇન ઇન્ડિયા અને મુદ્રા યોજનાનો સંપુટ તૈયાર કરવામાં આવ્યો છે.

## ગર્ભવતી મહિલાઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને ૨૩ સપ્તાહની રજા

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં કેન્દ્રની ભારતીય જનતા પાર્ટી સરકારે વિકાસની સાથે સાથે સામાજિક સુધારાની વાત પણ ઉપાડી લીધી છે. તેમણે કહ્યું કે ગર્ભવતી મહિલાઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને ૨૩ સપ્તાહની રજા રાખવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે આપણી મુસ્લિમ બહેનોને ટ્રિપલ તલાકને કારણે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેમણે કહ્યું કે જ્યારે સુપ્રીમ કોર્ટમાં આ કેસની સુનાવણી શરૂ થઈ અને અદાલતે સરકારને પૂછ્યું કે આ બાબતમાં સરકારનો ટેકો છે ? તો મોદી સરકારે વોટ બેંકની પરવા કર્યા વગર સ્પષ્ટ કહી દીધું કે આ દેશમાં ટ્રિપલ તલાક ચાલી નહીં શકે.

ભાજપા અધ્યક્ષશ્રીએ કહ્યું કે મોદી સરકાર મુસ્લિમ મહિલાઓને સમાનતાનો અધિકાર અપાવવા માટે કટિબદ્ધ છે. તેમણે કહ્યું કે ટ્રિપલ તલાક સામેની સજાની જોગવાઈ કરીને જ્યારે અમે કાયદો ઘડીને સંસદમાં લાવ્યા તો કોંગ્રેસે તેનો વિરોધ કર્યો, પરંતુ હવે કોંગ્રેસની વોટ બેંકની રાજનીતિ ચાલવાની નથી.

•

## ભારતીય જનતા પાર્ટી – ગુજરાત પ્રદેશ

# આપણું નગર, સ્વચ્છ નગર, સુંદર નગર

ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકારો આવ્યા પહેલા આપણા રાજ્યમાં કોંગ્રેસના શાસનમાં નગરપાલિકાઓની હાલત કેવી હતી તે આપ સૌ નગરજનોને એ દિવસો યાદ હશે. કોંગ્રેસના શાસનમાં નગરપાલિકાઓમાં પીવાના પાણીના ટેન્કરોની લાઈનો, વીજળીના બિલ ન ભરાતાં સ્ટ્રીટ લાઈટો બંધ, ન રોડ રસ્તા, કચરાના ઢગલા અને વેપારીઓ પર જુલ્મી રીતે લેવાતી ઓકટ્રોઈ વસૂલી અને અપમાન આ બધાંમાંથી ભાજપ શાસન આવ્યા બાદ મુક્તિ મળી છે. ભારતીય જનતા પાર્ટીની સરકારોએ નગરપાલિકાઓના વિકાસની દિશામાં અનેક કદમ ઉઠાવીને કેન્દ્ર તથા રાજ્યની સરકારોએ પ્રાથમિક સુવિધાઓ માટે નાણાની ફાળવણી તથા સ્વાયત્તતા દ્વારા વિકાસને વેગ આપ્યો છે. ગુજરાતના પનોતા પુત્ર આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં શહેરી વિકાસમાં ઐતિહાસિક કદમ ઉઠાવ્યાં છે.

(૧) રાજ્યની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજનાની શરૂઆત, (૨) રહેણાંકના મકાનમાં બાંધકામમાં એક સમાન નિયમો, (૩) શહેરી વિસ્તારમાં રહેણાંકનાં મકાનનો કબજો ભોગવટો નિયમિત કરવા સરળ હપ્તાની વ્યવસ્થા, (૪) રસ્તાની પહોળાઈ મુજબ બાંધકામ કરવાની છૂટ , (૫) ૧૨૫ ચો. મીટર સુધીના મકાન બાંધકામ માટે પૂર્વમંજૂરી માંથી મુક્તિ આપવામાં આવી, (૬) તમામ શહેરોમાં શૌચાલયો, (૭) ઓકટ્રોઈની કનડગતમાંથી મુક્તિ, (૮) નગરપાલિકાઓમાં ખાલી પડેલ ૬૦ ચીફ ઑફિસરોની જગ્યાએ તાત્કાલિક નિવૃત્ત અધિકારીઓની નિમણૂક, (૯) વીજળીના ઓવરહેડ વાયરોની લાઈનોને અંડરગ્રાઉન્ડ કરવાની યોજના, (૧૦) નગરપાલિકાઓમાં રસ્તા, વીજળીકરણ, સફાઈ, શુદ્ધ પીવાનું પાણી તથા આરોગ્યસુવિધાઓમાં અગ્રીમતા આપી, (૧૧) ઘરવપરાશની વીજળીમાં બચત થાય તે માટે સસ્તા દરથી LED બલ્બનું વિતરણ, (૧૨) સ્ટ્રીટ લાઈટનાં બિલ ઓછાં આવે તથા વધારે પ્રકાશ મળે તેવી LED સ્ટ્રીટ લાઈટોની શરૂઆત

### ગરીબો, મધ્યમવર્ગ, યુવા, મહિલા, વિદ્યાર્થીઓ તમામ માટે અનેક યોજનાઓ શરૂ કરવામાં આવી

(૧) ૩૦ કરોડ ગરીબ દેશવાસીઓનાં બેંક ખાતાં ખોલીને સરકારી સહાય લાભાર્થી સુધી પહોંચે તેવી જન ધન યોજના, (૨) દેશની ૩ કરોડ બહેનોનાં ફેફસાંમાં ચૂલા, સગડીથી જતો ધુમાડો બંધ થયો. વિના મૂલ્યે LPG રાંધણ ગેસ મળ્યા. (૩) અન્નપૂર્ણા યોજના દ્વારા રાજ્યના ગરીબ તથા મધ્યમવર્ગને ૩.૮૨ કરોડ લોકોને રાહતદરે અનાજ મળવાની વ્યવસ્થા થઈ. (૪) રાજ્યના અતિ ગરીબ અંત્યોદય પરિવારને ૩૫ કિલો અનાજ વિના મૂલ્યે આપવાનો નિર્ણય થયો. (૫) મહિલાઓને બ્રેસ્ટ કેન્સર, ગર્ભાશય કેન્સર જેવા જીવલેણ રોગોની કોઈપણ આવકમર્યાદા સિવાય વિના મૂલ્યે સારવાર (૬) મા અમૃતમ્ યોજના હેઠળ કિડની, કેન્સર, હૃદય જેવા ગંભીર રોગોમાં રૂ. ૨ લાખ સુધીની વિના મૂલ્યે સારવાર (૭) યુવા સ્વાવલંબન યોજના હેઠળ મધ્યમવર્ગનાં બાળકોને સેલ્ફ ફાઈનાન્સ કોલેજમાં અભ્યાસ માટે ટ્યુશન ફીમાં ૫૦% રાહત. (૮) રાજ્યની શાળાઓમાં ભણતા તમામ બાળકોની વિના મૂલ્યે આરોગ્ય તપાસણી તથા રોગ માટે વિના મૂલ્યે સારવાર (૯)૧૦૮ જેવી એમ્બ્યુલન્સથી અનેક માનવજિંદગી બચાવી શકાઈ. (૧૦) રાજ્યના નાગરિકોને સસ્તા દરથી દવા મળી રહે જેમાં ૪૦%થી ૮૦% રાહત થી દીનદયાળ જન ઔષધિ કેન્દ્રો શરૂ થયા. (૧૧) પ્રધાનમંત્રી મુદ્રા યોજના દ્વારા રાજ્યના હજારો યુવકોને રૂ. ૧૦ લાખ સુધી કોઈપણ જામીનગીરી વિના સસ્તા દરથી લોન આપી સ્વનિર્ભર કર્યા. (૧૨) રાજ્યમાં સરકારી તથા અર્ધ સરકારી નોકરીઓમાં ૬૦,૦૦૦ જેટલા યુવાનોને પારદર્શક રીતે નોકરી મળી. (૧૩) રોજગાર મેળાઓ દ્વારા ખાનગી ક્ષેત્રમાં લાખો યુવાનોને નોકરી આપવા માટે સરકાર દ્વારા રોજગાર મેળાઓ કરવામાં આવ્યા. (૧૪) સેવા સેતુ કાર્યક્રમ દ્વારા સરકારે રાજ્યનાં ગામડાંઓ, નગરો અને મહાનગરોમાં આધાર કાર્ડ, રેશન કાર્ડ, અમૃતમ્ કાર્ડ તથા સ્થાનિક પ્રશ્નોના ઉકેલ માટે સરકારે જનહિતના માનવતાનાં કાર્ય કર્યાં છે.

આવો, આપણે સૌ સાથે મળીને આપણા નગરને સ્વચ્છ, સુંદર બનાવવા, વિકાસના મંત્રને સાકાર કરવા લોકસેવાના આ ચૂંટણીના પર્વમાં ભારતીય જનતા પાર્ટીને વિજયી બનાવીએ એ જ વિનંતી.

## ગ્રામ પંચાયતોના તમામ મતદાતાઓનો હૃદયપૂર્વક આભાર માનીને, ચૂંટાયેલા પ્રતિનિધિઓને શુભેચ્છા પાઠવતા શ્રી જીતુભાઈ વાઘાણી

### ગ્રામ પંચાયતોના પરિણામોમાં ૭૫ થી ૮૦ ટકા ભાજપા સમર્થિત સરપંચ અને સદસ્યો ચૂંટાઈ આવ્યા - નગરપાલિકાઓમાં ભાજપાના કુલ ૩૮ બિનહરીફ સભ્યો ચૂંટાયા



**કોંગ્રેસની વિવાદ અને વેર-ઝેરની રાજનીતિને જાકારો, ભાજપાની શાંતિ-એકતા અને વિકાસની રાજનીતિને આવકાર મળ્યો છે - શ્રી જીતુભાઈ વાઘાણી**

ગ્રામ પંચાયતની ચૂંટણીમાં તમામ મતદાતાઓનો હૃદયપૂર્વક આભાર માનીને ચૂંટાયેલા પ્રતિનિધિઓને શુભેચ્છા આપતા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આજે ગ્રામ પંચાયતની ચૂંટણીનાં પરિણામોમાં ૭૫ થી ૮૦ ટકા ભાજપા સમર્થિત સરપંચ અને સદસ્યો ચૂંટાઈને આવ્યા છે. ગ્રામ્ય સ્તરે ભાજપાની ગ્રામ્ય વિકાસનીતિ, યોજનાઓને સ્વીકારીને જનતાએ ભાજપા સમર્થિત ઉમેદવારોને જીતાડ્યા છે.

કોંગ્રેસની નકારાત્મકતા અને વેર-ઝેરના સતત પ્રયત્નો વચ્ચે ભાજપાની શાંતિ, એકતા અને વિકાસની લાગણીને માન આપીને ૨૯૨ ગ્રામ પંચાયતોમાં સમરસ સરપંચો થયા છે તે ખૂબ સારી બાબત છે. તેમાંથી ભાજપાના ૮૦ ટકા જેટલા સરપંચશ્રીઓ ચૂંટાઈ આવ્યા છે. ૧૨૩૮૬ કુલ વોર્ડમાંથી ૫૩૯૭ વોર્ડ બિનહરીફ એટલે કે સમરસ થયા છે. તે પણ એક નોંધનીય અને અભિનંદનીય બાબત છે. શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, નગરપાલિકામાં જાફરાબાદ નગરપાલિકામાં ૨૮માંથી ૨૮ બેઠકો પર ભાજપાના ઉમેદવારો બિનહરીફ જાહેર થયેલ છે. આ ઉપરાંત કચ્છની રાપર નગરપાલિકામાં ૬ સભ્યો, રાજકોટ જિલ્લાની ધોરાજી નગરપાલિકામાં ૧, પંચમહાલની હાલોલ નગરપાલિકામાં ૧ અને ખેડા જિલ્લાની મહુધા અને મહેમદાવાદ નગરપાલિકામાં ૧-૧ સભ્યો એમ કુલ ૩૮ બિનહરીફ ભાજપાના સભ્યો ચૂંટાયા છે.

શ્રી જીતુભાઈ વાઘાણીએ કેન્દ્ર અને રાજ્ય સરકારની ગ્રામીણ અને શહેરી વિસ્તારોની વિકાસની રાજનીતિને સ્વીકારીને ભાજપા તરફી જનાદેશ આપ્યો છે અને કોંગ્રેસની વિવાદ અને ખંડનાત્મક રાજનીતિને જાકારો આપ્યો છે. તેમણે ફરીથી તમામ મતદાતાઓનો આભાર માનીને ચૂંટાયેલા પ્રતિનિધિઓને કેન્દ્ર અને રાજ્ય સરકારની તમામ યોજનાઓને લોકો સુધી પહોંચાડીને ગામને સંપૂર્ણ સુખ-સુવિધાયુક્ત બનાવવા અનુરોધ કર્યો હતો.

## રાજ્ય સરકારના પૂર્વ મંત્રી શ્રી અનિલભાઈ પટેલને શ્રદ્ધાંજલિ આપતા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી



રાજ્ય સરકારના પૂર્વમંત્રીશ્રી અને સામાજિક આગેવાન શ્રી અનિલભાઈ પટેલના તા. ૮-૨-૨૦૧૮ના રોજ થયેલ નિધન અંગે ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી જીતુભાઈ વાઘાણીએ ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી હતી. શ્રી અનિલભાઈ પટેલ રાજ્યના અને ખાસ કરીને ઉત્તર ગુજરાતના વેપાર-ઉદ્યોગ, ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા અને પોતાના પ્રદાન અને પ્રેરણાથી પોતાની આગવી ઓળખ ઊભી કરી હતી. તેઓ બે ટર્મ ધારાસભ્ય અને રાજ્ય સરકારમાં ઉદ્યોગ મંત્રી રહી ચૂક્યા હતા. મહેસાણા જિલ્લાની ગણપત યુનિવર્સિટીના સ્થાપના સમયથી તેમની અમૂલ્ય સેવાનો લાભ મળતો રહ્યો હતો. તેઓએ ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાનના ચેરમેન તરીકે પણ પોતાની સેવા આપી હતી. શ્રી અનિલભાઈ પટેલના દુઃખદ અવસાનથી ઉદ્યોગ, ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. રાજકીય અને સામાજિક ક્ષેત્રના મોભી એવા શ્રી અનિલભાઈના અવસાનથી ભાજપે એક આગેવાન ગુમાવ્યો છે તેમ જણાવી શ્રી જીતુભાઈ વાઘાણીએ તેમના પરિવારને સાંત્વના પાઠવી હતી.

REGD. NO. GAMC 563/2018-20 VALID UP TO 31-12-2020 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/HQ/077/2018-20 VALID UP TO 31-12-20 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

## રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહની
## વિશેષ ઉપસ્થિતિમાં દેશભરમાં યોજાયેલ વિવિધ કાર્યક્રમોની તસવીરો




**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.